
ભારતીય સંસ્કૃતિના મહાન સંરક્ષક

# સ્વામી શ્રદ્ધાનંદ



-પં૦ શ્રીરામ શર્મા આચાર્ય

# ભારતીય સંસ્કૃતિના મહાન સંરક્ષક

# સ્વામી શ્રદ્ધાનંદ

ઈ.સ.૧૮૯૮ની વાત છે. પંજાબની 'આર્ય પ્રતિનિધિ સભા'એ ધર્મ અને જાતીયતાનું શિક્ષણ આપવા માટે ભારતવર્ષના પ્રાચીન આદર્શો પર આધારિત એક ગુરુકુળ ખોલવાનો ઠરાવ પસાર કર્યો. સભામાં વક્તાઓએ કહ્યું, "અંગ્રેજી પદ્ધતિના વિદેશી શિક્ષણના પ્રભાવથી જે નવયુવાનોમાં પોતાના ધર્મ અને સંસ્કૃતિની ભાવના રોજેરોજ ઘટતી જાય છે તેઓ વિદેશી સભ્યતા તરફ આકર્ષિત થતા જાય છે. જો આ પતનોન્મુખ પ્રવાહને અટકાવવો હોય તો વૈદિક સિદ્ધાંતોને અનુરૂપ એક આદર્શ શિક્ષણસંસ્થાની સ્થાપના કરવી અત્યંત જરૂરી છે."

ઠરાવ તો પસાર કરી દેવાયો, પરંતુ આવા 'ગુરુકુળ' માટે ધન અને વિદ્યાર્થીઓ મેળવવાનું સરળ નહોતું. અત્યાર સુધી લોકોએ ગુરુકુળનું નામ પણ સાંભળ્યું નહોતું. જ્યારે તેમને પ્રાચીન શાસ્ત્રોમાં વર્ણવેલાં ઋષિમુનિઓનાં એવાં ગુરુકુળોનું વર્ણન સંભળાવવામાં આવતું, જેમાં વિદ્યાર્થીઓ બ્રહ્મચારી બનીને અને પોતાના નિર્વાહની વ્યવસ્થા જાતે કરીને અઢાર-વીસ વર્ષ સુધી ત્યાં રહી વેદ વગેરે વિદ્યાઓનું અધ્યયન કરતા હતા અને ગુરુઓના આશ્રમમાં જ રહેતા હતા. તે જોઈને લોકો નવાઈ પામતા હતા. તેઓ હસીને કહેતા, "શ્રીમાનજી ! આ અંગ્રેજી શિક્ષણના જમાનામાં કોણ દસ-વીસ વર્ષ સુધી માથું મુંડાવીને જંગલોમાં રહેશે અને સંસ્કૃત જેવી 'મૃતભાષા' શીખશે ?"

પરંતુ આ ઠરાવ પસાર કરાવનાર 'આર્ય પ્રતિનિધિ સભા'ના અધ્યક્ષ લાલા મુન્શીરામજી (૧૮૫૬-૧૯૨૬, જેઓ પાછળથી સ્વામી શ્રદ્ધાનંદ તરીકે ઓળખાયા) કંઈક જુદી જ માટીના બનેલા હતા. તેઓ આ યોજનામાં આવનારી અનેક મુશ્કેલીઓ અને લોકોની ઉપેક્ષાની વાત સારી રીતે જાણતા હતા. આથી ઠરાવ પસાર થતાં જ સભાસ્થળે તેમણે એવી પ્રતિજ્ઞા કરી કે "જ્યાં સુધી હું ગુરુકુળ માટે ત્રીસ હજાર રૂપિયા (જે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજના હિસાબે દસ લાખથી ઓછા ન થાય) ભેગા ન કરી લઉં ત્યાં સુધી ઘરમાં પગ મૂકું નહિ.''

તે વખતે તેઓ જલંધરમાં વકીલાત કરતા હતા. તેમાં તેમણે નામ અને દામ બંને મેળવ્યાં હતાં. 'આર્યસમાજ મંદિર'ની પાસે જ તેમનું ખૂબ મોટું મકાન હતું. કોર્ટ તથા 'સમાજ'ના કામે તેઓ અવારનવાર લાહોર જતા હતા. જ્યારે તેઓ પરત આવતા ત્યારે તેમની ઘોડાગાડી તેમને લેવા માટે સ્ટેશને પહોંચી જતી હતી. તે દિવસે પણ તેઓ અગાઉની જેમ સ્ટેશનથી પોતાની ગાડીમાં બેસીને રવાના થયા, પરંતુ ઘેર જવાના બદલે આર્ય-સમાજ મંદિરની સામે જ ઘોડાગાડી ઊભી રાખવાનો કોચવાનને આદેશ આપ્યો અને પોતાનો સામાન ઉતારી ત્યાં જ રોકાઈ ગયા.

જ્યારે આ સમાચાર કોચવાને ઘેર જઈને સંભળાવ્યા ત્યારે ત્યાં ખળભળાટ મચી ગયો. આવું આજ સુધી ક્યારેય બન્યું નહોતું. ઘર પણ આર્યસમાજની સામે જ હતું. બંને વચ્ચે માત્ર રસ્તાનું જ અંતર હતું, જે આઠ-દસ મીટરથી વધારે નહિ હોય. તો પછી તેઓ ઘેર જવાને બદલે 'આર્યસમાજ મંદિર' માં કેમ રોકાઈ ગયા? ઘરના લોકો ગભરાઈને ત્યાં પહોંચ્યા ત્યારે મુન્શીરામે તેમને જણાવ્યું કે ''મેં પ્રતિજ્ઞા કરી છે કે જ્યાં સુધી 'ગુરુકુળ' માટે ત્રીસ હજાર રૂપિયા ભેગા નહિ કરી લઉં ત્યાં સુધી હું ઘરમાં પગ મૂકીશ નહિ.'' આ એક એવી વ્યક્તિની પ્રતિજ્ઞા હતી કે જેને પોતાના સિદ્ધાંતો અને આત્મશક્તિ પર અટલ શ્રદ્ધા હતી. બસ, તેઓ પોતાનાં તમામ કામો છોડીને ભારતનાં અનેક શહેરોમાં પ્રવાસ કરવા લાગ્યા અને દોઢ વર્ષમાં ત્રીસ હજાર નહિ, ચાલીસ હજાર ભેગા કરી દીધા.

ત્યાર પછી ગુરુકુળમાં ભણનાર વિદ્યાર્થીઓની સમસ્યા સામે આવી, તો તેમણે સૌથી પહેલાં પોતાના બંને પુત્રો- ઈન્દ્ર અને હરિશ્ચંદ્રને તેમાં દાખલ કરી દીધા, પછી પોતાના ખાસ મિત્રોના દસ-પંદર બાળકોને એકઠા કર્યા. કનખલ પાસે હિમાલયની તળેટીમાં 'કાંગડી' નામનું ગામ દાનમાં પ્રાપ્ત કરીને ત્યાં જ 'ગુરુકુળ' ની સ્થાપના કરવામાં આવી. આજે તો ગુરુકુળ એક સામાન્ય બાબત બની ગઈ છે અને નાની નાની જાતિઓએ પોતાની 'ગુરુકુળ' નામની સ્વાયત્ત સંસ્થાઓ શહેરોમાં ખોલી દીધી છે, પરંતુ આજથી આશરે સો વર્ષ પહેલાં, જ્યાં વાઘ અને જંગલી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હાથીઓ પણ આવી જતા હતા તેવા જંગલમાં નાનાં બાળકોની જવાબદારી ઉઠાવી કોઈ શિક્ષણસંસ્થા ખોલવી એ કંઈ જેવુંતેવું કામ નહોતું. પરંતુ મુન્શીરામજી એટલા બધા કર્તવ્યપરાયણ અને સેવાભાવી હતા કે શરૂઆતથી જ બધાં બાળકોની દેખરેખ પોતાનાં બાળકોની જેમ સારી રીતે કરતા હતા. તેમણે જે પરિશ્રમ અને કટિબદ્ધતાપૂર્વક કાર્ય કરીને આ સંસ્થાનું નિર્માણ અને વિકાસ કર્યાં તેની આપણે કલ્પના પણ કરી શકીએ તેમ નથી.

**માતૃભાષાનું માધ્યમ -**

ગુરુકુળની શિક્ષણપદ્ધતિની ખાસ વિશેષતા એ હતી કે ત્યાં વેદાધ્યયન ઉપરાંત બીજા બધા વિષયો, વિજ્ઞાન, ઈતિહાસ, અર્થશાસ્ત્ર વગેરે પણ ભણાવવામાં આવતા હતા, પરંતુ તે બધાનું માધ્યમ હિંદી જ રાખવામાં આવ્યું હતું. તે સમયે આ દેશના વિદેશી શાસકો જ નહિ, પરંતુ ભારતીયો પણ હિંદીને ઉચ્ચ શિક્ષણ માટે અયોગ્ય સમજતા હતા અને શાળાનાં નીચલાં ધોરણોમાંથી જ બધા વિષયો અંગ્રેજીમાં ભણાવવામાં આવતા હતા. જે અંગ્રેજ વિદ્વાનોએ આ શિક્ષણપદ્ધતિનું નિર્માણ કર્યું હતું, તેમનો એક ખાનગી ઉદ્દેશ્ય એ પણ હતો કે સતત થોડાં વર્ષો સુધી અંગ્રેજી ભણાવતા રહેવાથી અહીંના લોકોમાં આપમેળે અંગ્રેજીની શ્રેષ્ઠતાની છાપ પડી જશે અને અંગ્રેજોને પોતાના કરતાં દરેક રીતે મોટા સમજીને તેઓ તેમની સામે ક્યારેય માથું ઊંચું નહિ કરે.

શ્રદ્ધાનંદજીએ આ હકીકત સારી રીતે સમજી લીધી હતી અને તેને પોતાના દેશ અને જાતિ માટે પતનકારી સમજીને તેનો સામનો કરવા માટે ગુરુકુળ પદ્ધતિનું પ્રચલન શરૂ કર્યું હતું. માતૃભાષા દ્વારા શિક્ષણ મેળવવું એ વિદ્યાર્થીઓ માટે કેટલું હિતકારી હોય છે એ વિચાર અત્યારે તો કાર્યાન્વિત થઈ ગયો છે, પરંતુ તે સમયે અંગ્રેજી ભણેલાગણેલા લોકોને દુનિયાના શ્રેષ્ઠ માણસો માનવામાં આવતા હતા અને તેમના માટે પ્રગતિના અનેક દરવાજા ખુલ્લા રહેતા હતા. તેની સરખામણીમાં હિંદી ભણેલાઓનું નસીબ મહિને આઠદસ રૂપિયાની સામાન્ય નોકરીથી ભાગ્યે જ આગળ વધી શકતું હતું. થોડીઘણી અંગ્રેજી આવડ્યા વગર કચેરીમાં કારકુનની નોકરી પણ મુશ્કેલીથી મળતી હતી. એવા સમયમાં કોઈ શિક્ષણસંસ્થાને પ્રાચીન આદર્શ પર ચલાવીને તથા તેનું માધ્યમ હિંદી રાખીને સફળ અને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સન્માનનીય બનાવી દેવી એ ખરેખર અસાધારણ કાર્ય હતું. તે સ્થિતિનું વર્ણન કરતાં શ્રી વિષ્ણુ પ્રભાકરે યોગ્ય જ લખ્યું છે-

"તેઓ સૌથી પહેલા માણસ હતા, જેઓ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાનું મહત્ત્વ સમજ્યા હતા. તેમણે સૌથી પહેલાં ગુરુકુળમાં જ તેનું ક્રિયાત્મક રીતે પરીક્ષણ કર્યું. ગુરુકુળના સ્નાતકોએ અનેક ઐતિહાસિક, દાર્શનિક અને વૈજ્ઞાનિક વિષયો પર મૌલિક ગ્રંથો લખ્યા. પારિભાષિક શબ્દોનું નિર્માણ કર્યું. મોટાંમોટાં વિશ્વવિદ્યાલયોના સંસ્થાપકોના દિમાગમાંથી એ વાતને દૂર કરી દીધી કે હિંદી ભાષાના માધ્યમથી ઉચ્ચ વિજ્ઞાનનું શિક્ષણ આપી ન શકાય. કલકત્તા વિશ્વવિદ્યાલયના તત્કાલીન સંચાલક મિ. સેડલરે પણ સ્વીકાર્યું કે માતૃભાષામાં શિક્ષણ આપવાના પ્રયોગમાં ગુરુકુળને અભૂતપૂર્વ સફળતા મળી છે."

## વિદેશી સરકારની આશંકા -

એક બાજુ શ્રદ્ધાનંદજીના આ જાતીયતાના રક્ષણના પ્રયોગને સૌ દેશપ્રેમીઓ આશાભરી નજરે નિહાળી રહ્યા હતા ત્યારે ભારતની વિદેશી સરકારના પેટમાં ભયના કારણે ચૂંક આવવા લાગી. ગુરુકુળની સ્થાપનાનાં થોડાં વર્ષો પછીના એક ગુપ્ત સરકારી અહેવાલમાં લખવામાં આવ્યું હતું, "આર્યસમાજના સંગઠનનો અત્યારે જે મહત્ત્વપૂર્ણ વિકાસ થયો છે તે વાસ્તવમાં સરકાર માટે એક મોટા સંકટનું મૂળ છે. આ વિકાસ છે - ગુરુકુળની શિક્ષણપદ્ધતિ. સરકાર માટે સૌથી વધારે વિચારણીય પ્રશ્ન એ છે કે અત્યારે આર્યસમાજના ગુરુકુળમાં શિક્ષણ મેળવનારા ઉપદેશકોનું શિક્ષણ પૂરું થયા પછી સરકાર પ્રત્યે કેવું વલણ રહેશે? આ સમયના ઉપદેશકો કરતાં તેઓ કોઈક જુદા જ ઢાંચામાં ઢળેલા હશે. તેઓ જે ધર્મનો પ્રચાર કરશે તેનો આધાર વ્યક્તિગત વિશ્વાસ અને શ્રદ્ધા હશે, જેનો જનતા પર સહેલાઈથી ખૂબ પ્રભાવ પડશે. તેમના પ્રચારમાં શંકા, સમજૂતી કે ભયની ગંધ પણ નહિ હોય અને સર્વસાધારણના હૃદય પર તેની સીધી અસર પડશે."

આગળ જતાં ગુરુકુળના વાર્ષિકોત્સવની ચર્ચા કરતાં કહેવામાં આવ્યું હતું, "કાંગડીમાં ઊજવવામાં આવતા ગુરુકુળના વાર્ષિકોત્સવમાં દર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્ષે આશરે ૬૦-૭૦ હજાર લોકો એકઠા થાય છે. ઘણા દિવસો સુધી આ ઉત્સવ ચાલ્યા કરે છે. પોલીસ, સ્વાસ્થ્યરક્ષણ વગેરે તમામ વ્યવસ્થા ગુરુકુળના સંચાલકો જાતે જ કરે છે. સૌ બ્રહ્મચારી સ્વયંસેવકો કામ કરે છે. સંગઠનની દૃષ્ટિએ આ કાર્ય ખામીરહિત હોય છે. આ ઉત્સવમાં એકઠા થતા લોકોનો ઉત્સાહ પણ આશ્ચર્યજનક હોય છે. મોટીમોટી રકમો દાનમાં આવે છે. મોટી સંખ્યામાં ઉપસ્થિત સ્ત્રીઓ પોતાનાં ઘરેણાં સુદ્ધાં ઉતારીને દાનમાં આપી દે છે. વિચારણીય વિષય એ છે કે ગુરુકુળમાંથી ભણીને બહાર આવેલા આ બ્રહ્મચારીઓનો રાજનીતિ સાથે શું સંબંધ રહેશે? આ બાબતમાં ગુરુકુળના એક અધિકારીનું કહેવું છે કે અમારું શિક્ષણ તમામ રીતે રાષ્ટ્રીય છે. અહીંયાં ઈતિહાસ એવી રીતે ભણાવવામાં આવે છે કે જેનાથી બ્રહ્મચારીઓમાં દેશભક્તિની ભાવના પેદા થાય. ગુરુકુળમાં પ્રયત્નપૂર્વક એવા રાજનૈતિક સંન્યાસીઓનું દળ તૈયાર કરવામાં આવી રહ્યું છે કે જેનું મિશન સરકારના અસ્તિત્વ માટે ભયંકર સંકટ પેદા કરી દેશે એમાં કોઈ શંકા નથી.''

એક વિદેશી સરકાર માટે આવો મનોભાવ પ્રગટ કરવો એ સાવ ખોટો પણ નહોતો. જો કે પોતાની રાષ્ટ્રીયતા અને જાતીયતાનું રક્ષણ કરવું એને દરેક જાતિ અને વ્યક્તિનું પવિત્ર કર્તવ્ય માનવામાં આવે છે, પરંતુ તેના કારણે જેના સ્વાર્થને ધક્કો લાગતો હોય તેઓ તો તેને ખરાબ માને જ. આ સ્થિતિની વાસ્તવિકતા શું હતી તેની ખબર એક અન્ય મોટા અંગ્રેજ મિ. રેમ્જે મેકડોનાલના લેખથી પડે છે, જેઓ તે વખતે વિલાયતના મજૂર સંગઠનના મુખ્ય નેતા હતા અને પાછળથી ઈંગ્લેન્ડના પ્રધાનમંત્રી પણ બન્યા. તેમણે ૧૯૧૪માં ગુરુકુળ જોયા પછી લંડનથી પ્રકાશિત થતા ''ડેઈલી ક્રોનિકલ'' નામના સમાચારપત્રમાં લખ્યું હતું - ''ભારતમાં રાજદ્રોહ બાબતે જેમણે થોડુંઘણું પણ વાંચ્યું હશે તેમણે 'ગુરુકુળ'નું નામ જરૂર સાંભળ્યું હશે, જ્યાં આર્યસમાજીઓનાં બાળકો શિક્ષણ પ્રાપ્ત કરે છે. મોટા ભાગના ઍંગ્લોઈન્ડિયન લોકોએ તેની નિંદા કરી છે. સરકારી લોકો માટે પણ ગુરુકુળ એ એક કોયડો છે. ત્યાંના અધ્યાપકોમાં એક પણ અંગ્રેજ નથી. અંગ્રેજી સાહિત્યના શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણ માટે પંજાબ યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પુસ્તકો પણ ત્યાં ભણાવવામાં આવતાં નથી. સરકારી વિશ્વવિદ્યાલયની પરીક્ષા માટે ત્યાંથી કોઈ પણ વિદ્યાર્થીને મોકલવામાં આવતો નથી, તેમાં વિદ્યાર્થીને વિદ્યાલયમાંથી પોતાની જ ઉપાધિ આપવામાં આવે છે. ખરેખર આ સરકારી અવજ્ઞા છે. ગભરાયેલા સરકારી અધિકારીના મોઢામાંથી પહેલી વાત એ નીકળશે કે આ તો સ્પષ્ટ રાજદ્રોહ છે, પરંતુ ગુરુકુળની બાબતમાં આવો અભિપ્રાય અંતિમ માની શકાય નહિ. ઈ.સ.૧૮૩૫માં મેકોલેએ ભારતની શિક્ષણપદ્ધતિની બાબતમાં પોતાનો જે અભિપ્રાય જાહેર કર્યો હતો ત્યાર પછી ભારતના શિક્ષણ ક્ષેત્રમાં આ જુદા પ્રકારનો પહેલો જ પ્રસંશનીય પ્રયોગ કરવામાં આવ્યો છે. મેકોલેની શિક્ષણનીતિથી લગભગ તમામ ભારતવાસીઓ અસંતુષ્ટ છે, પરંતુ મારી જાણકારી પ્રમાણે ગુરુકુળના સંસ્થાપકો સિવાય બીજા કોઈએ આ અસંતોષને કાર્યરૂપમાં વ્યક્ત કરીને શિક્ષણના ક્ષેત્રમાં નવું પરીક્ષણ કર્યું નથી.''

**સમાજસુધારણાના ક્ષેત્રમાં -**

ગુરુકુળે ભારતીય સમાજસુધારણાના ક્ષેત્રમાં પણ પરોક્ષ રીતે જે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું હતું, તેના પર પ્રકાશ ફેંકતાં સને ૧૯૧૪માં જ લંડનના 'ન્યુ સ્ટેટ્સમેન' સમાચારપત્રમાં લખ્યું હતું -

''હરિદ્વારનું ગુરુકુળ સંભવતઃ દુનિયાના શિક્ષણક્ષેત્રમાં સૌથી વધારે મનોરંજક પરીક્ષણ છે. ગંગાના મનોહર દશ્યોની વચ્ચે, હિમાલયનાં બરફઆચ્છાદિત શિખરોની નીચે, સાંસારિક વાતાવરણથી ખૂબ દૂર એક આશ્રમ બનેલો છે. માત્ર જીવનનિર્વાહ પર આચાર્ય, ઉપાધ્યાય અને બધા અધ્યાપકો કામ કરતા રહીને ગરીબીનું જીવન વિતાવે છે. જો કે તેમાંના ઘણાખરા બાળબચ્ચાંવાળા ગૃહસ્થો પણ છે. સાત વર્ષની ઉંમરમાં બાળકોને અહીં લાવવામાં આવે છે અને ૨૫ વર્ષની ઉંમર સુધી અહીં રાખવામાં આવે છે. તેઓ વચ્ચે એક પણ વખત પોતાના ઘરે જઈ શકતા નથી કે ન તો કોઈ સ્ત્રી સાથે રહી શકે છે. તેઓ રાતદિવસ પોતાના અધ્યાપકોના નિરીક્ષણ અને સાંનિધ્યમાં રહે છે. ૨૫ વર્ષની ઉંમરે તેમને દેશના પૂર્ણ સેવક બની ગયેલા માનવામાં આવે છે. ભારતીય દષ્ટિકોણથી નાતજાતના ભેદભાવ દૂર કરવા એ ઉપરોક્ત સંસ્થાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સૌથી મોટી વિશેષતા છે. અહીંના ૩૦૦ બાળકોમાં બ્રાહ્મણથી લઈને અછૂત સુધીની તમામ જાતિના બાળકો છે. સૌનું એકસરખું જીવન અને એકસરખી રહેણીકરણી છે. નાતજાતના ભેદભાવનાં મૂળિયાં ભારતમાં ખૂબ ઊંડે સુધી વ્યાપેલાં છે. પશ્ચિમનું શિક્ષણ અને આદર્શોની મદદથી પણ તેનાં મૂળિયાં ઉખાડવાં અઘરાં છે, પરંતુ અહીંના ગુરુકુળમાં તેનાં મૂળિયાં ખૂબ સફળતાપૂર્વક કાપી લેવામાં આવ્યાં છે. આ કાર્ય પશ્ચિમનું અનુકરણ કરીને કરવામાં આવ્યું નથી, પરંતુ પૂર્વના પ્રાચીન અને સુંદર આદર્શોને પુનર્જીવિત કરવાની દૃષ્ટિએ જ કરવામાં આવ્યું છે.''

વાસ્તવમાં આ સ્વામી શ્રદ્ધાનંદજીની એક મહાન સેવાનું જ પરિણામ હતું કે જેમણે કશું બોલ્યાચાલ્યા વગર ક્રિયાત્મક રીતે એક એવું સાહસ કર્યું, જેનાથી હિંદુ સમાજના આ ભયંકર કોઢ એવા નાતજાતના મૂળ પર જોરદાર પ્રહાર કરવામાં આવ્યો. ગુરુકુળમાં ખાવાપીવામાં સમાનતાનો વર્તાવ માત્ર હિંદુઓ સાથે જ કરવામાં આવતો એવું નથી, અવારનવાર ત્યાં આવતા કેટલાય વિદેશીઓ અને ડૉ. અન્સારી, મિ. જિન્નાહ, ડૉ. કિચલૂ, અસફઅલી જેવા પ્રસિદ્ધ મુસલમાનો પણ બ્રહ્મચારીઓની હરોળમાં બેસીને ભોજન કરી આવ્યા હતા.

સ્વામીજી નાતજાતના ભેદભાવની આ બદી વિશે શરૂઆતથી જ જાણતા હતા અને જ્યારથી તેમણે આર્યસમાજમાં પ્રવેશ કર્યો હતો ત્યારથી જ તેમણે સંઘર્ષ પણ કરવો પડ્યો હતો. એ જમાનાના પંડિતો આર્યસમાજને હિંદુ ધર્મની બહારનો માનતા હતા અને અનેક સ્થળોએ તેમણે આર્યસમાજીઓને નાતબહાર મૂકવાનો પણ પ્રયત્ન કર્યો હતો. જ્યારે તે લોકોએ સ્વામીજીને આર્યસમાજનો પ્રચાર રોજેરોજ વધારતા જોયા ત્યારે તેઓ તેમના પણ વિરોધી બની ગયા. પહેલાં તો તેમણે તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે કહ્યું, પરંતુ તેમાંય તેઓ હારી ગયા, જેથી આર્યસમાજનો પ્રચાર વધુ જોરશોરથી થવા લાગ્યો. ત્યારે ધંધાદારી પંડિતોએ તેમને નાતબહાર મૂકવાની ધમકી આપી અને એક પંચ ભેગું કર્યું. સ્વામીજી અને તેમના સહયોગી લાલ દેવરાજે એનાથી જરા પણ ગભરાયા વગર દુરાચારી પંડિતો અને અભણ બ્રાહ્મણોની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક યાદી બનાવી અને ખાસખાસ પંડિતોને જાણ કરી કે અમે આવા પાખંડી પંડિતોથી જરા પણ ડરતા નથી અને જો તેઓ વધારે બદમાશી કરશે તો તેમની બધી જ પોલ ખોલી નાખવામાં આવશે. આથી ધમકી આપનારા ગભરાઈ ગયા અને ચૂપચાપ જલંધરથી ચાલ્યા ગયા.

જ્યારે લાહોરમાં "જ્ઞાતિભેદ નાબૂદી મંડળ"નું અધિવેશન બોલાવવામાં આવ્યું ત્યારે તેના અધ્યક્ષ શ્રદ્ધાનંદજીને બનાવવામાં આવ્યા. આ પ્રસંગે તેમણે પ્રવચન કરતાં કહ્યું

"જો મને ખબર હોત કે આર્યસમાજીઓ નાતજાતના વાડા તોડવામાં આટલા બધા ડરે છે, તો હું ગુરુકુળના બદલે 'જ્ઞાતિભેદ નાબૂદી મંડળ'ની સ્થાપના કરત."

તેમણે આ વાત માત્ર મોઢાથી જ નહોતી કરી, પરંતુ પોતાના બંને પુત્રો અને પુત્રીનાં લગ્ન પણ નાતજાતના વાડા તોડીને આંતરજાતીય જ કર્યાં અને તે માટે પોતાના સંબંધીઓનો આકરો વિરોધ તથા અન્ય મુશ્કેલીઓને પણ સહન કર્યાં. તેમની દીકરીના લગ્ન પ્રસંગે એક આર્યસમાજી નેતાએ તો એટલે સુધી કહ્યું કે "મુન્શીરામજી પોતાની મહત્ત્વાકાંક્ષા માટે દીકરીની કુરબાની આપી રહ્યા છે." પરંતુ ધન્ય છે તેમની આત્મિક દૃઢતાને કે તેમ છતાં પણ પોતાના સંકલ્પમાંથી પાછા ન ફર્યા. શું આપણા ધર્મ અને સમાજના સેવક કહેવાતા લોકો આ ઉદાહરણમાંથી કંઈક પ્રેરણા લેશે?

આ ઘટનાના પરિણામે સ્વામીજી અને તેમના સહયોગીઓનો ઉત્સાહ વધી ગયો અને તેઓ હિંદુ જનતાને તમામ વિધર્મીઓ વિરુદ્ધ સમજાવવા લાગ્યા. જલંધરમાં દશેરાના મેળામાં ખ્રિસ્તી પાદરીઓ પોતાનો પ્રચાર જોરશોરથી કરતા હતા, પરંતુ સ્વામીજીએ પોતાના વૈદિક ધર્મનો પ્રચાર એટલો બધો વધારી દીધો હતો કે તેનાથી ખ્રિસ્તી પાદરીઓનું જોર ખૂબ ઘટી ગયું.

આ બધું થવા છતાં પણ શ્રદ્ધાનંદજીએ ખૂબ કાળજી એ રાખી કે અનેક અંગ્રેજ અધિકારીઓ અને ઉત્તર પ્રદેશના ગવર્નર સુધ્ધાંએ ગુરુકુળમાં આવીને તેમની પ્રસંશા કરી, છતાં પણ સરકાર સાથે પોતાની સંસ્થાનો કોઈ પણ પ્રકારનો સંબંધ જોડવા દીધો નહિ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખુદ સરકાર દ્વારા ઈચ્છા જાહેર કરવા છતાં પણ તેની પાસેથી કોઈ આર્થિક મદદ ન લીધી. આ વિશે સ્વયં સ્વામીજીએ પોતાનો અનુભવ આવી રીતે વ્યક્ત કર્યો હતો -

"ગુરુકુળ પોતાની સ્થાપનાથી લઈને આજ સુધી નોકરશાહીની જાળમાંથી બચતું રહીને પોતાનું કામ કરતું રહ્યું છે. તેના સંચાલકોને કેવાં કેવાં પ્રલોભનો આપવામાં આવ્યાં છે ! જે સોનેરી બેડીઓ બીજી શિક્ષણ સંસ્થાઓએ રાજીખુશીથી પહેરી લીધી, મનને લલચાવનારી આ બેડીઓ અમારી સામે પણ અનેકવાર રજૂ કરવામાં આવી, પરંતુ પરમાત્માએ અમને આવી ગુલામીમાંથી બચતા રહેવાની બુદ્ધિ આપી."

તેમ છતાં વચ્ચે વચ્ચે તેમની સમક્ષ ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓ આવતી રહી, જેનો સાહસપૂર્વક સામનો કરીને પાર કરવામાં આવી. ગુરુકુળના બ્રહ્મચારીઓને શરૂઆતનાં વર્ષોમાં ઘોડેસવારી અને ધનુષ્યબાણનું શિક્ષણ આપવામાં આવતું હતું. તેનાથી સરકારને શંકા પડી કે ક્યાંક તેની વિરુદ્ધ કોઈ ષડ્યંત્ર રચવામાં આવી રહ્યું છે. તેના તરફથી આ અંગે ઘણી તપાસ કરવામાં આવી. સને ૧૯૦૬માં જ્યારે ભારતવ્યાપી રાજનૈતિક આંદોલન ભડકી ઉઠ્યું અને આર્યસમાજના નેતા માનવામાં આવતા લાલા લાજપતરાયને રાજદ્રોહના આરોપમાં તડીપાર કરવામાં આવ્યા ત્યારે સરકારની નજર બધા આર્યસમાજીઓ પર ગઈ. તેનાથી ભયભીત થઈને અનેક આર્યસમાજી નેતાઓએ એવું સાબિત કરવાનો પ્રયાસ કર્યો કે આર્ય-સમાજનો રાજનીતિ સાથે કોઈ સંબંધ નથી. પરંતુ સ્વામી શ્રદ્ધાનંદજીએ લાહોર આર્યસમાજના ઉત્સવ પ્રસંગે લાલા લાજપતરાય ઉપર સ્પષ્ટ રીતે વિશ્વાસ વ્યક્ત કર્યો અને સરકારની ધમકીઓની કોઈ પરવા ન કરી.

**માતૃભાષાનો પ્રચાર -**

સ્વામીજીનું માતૃભાષાનું પ્રચારકાર્ય જોઈને સને ૧૯૧૩માં તેમને ભાગલપુરમાં થનાર ચોથા હિંદી સાહિત્યસંમેલનના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. આમ તો આ પદ મોટે ભાગે હિંદીના પ્રતિષ્ઠિત વિદ્વાનોને આપવામાં આવતું હતું. સ્વામીજી હિંદી કરતાં ઉર્દુ અને ફારસી જ વધુ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભણેલા હતા, પરંતુ ગુરુકુળ દ્વારા તેમણે હિંદીની સેવાનું જે કાર્ય ઉપાડ્યું હતું તેને મોટામોટા વિદ્વાનોની યોગ્યતા કરતાં પણ વધારે માનવામાં આવ્યું. તે વખતે તેમની પ્રશંસા કરતાં 'લીડર' (પ્રયાગ)એ લખ્યું હતું "મહાત્મા મુન્શીરામજી (સ્વામીજીનું અગાઉનું નામ) એટલા બધા વિખ્યાત છે કે તેમની પ્રશંસા કરવી વ્યર્થ છે. જે સંમેલનમાં આવા અધ્યક્ષ હોય તેને અવશ્ય સફળતા અને સહાય મળશે." પોતાના ભાષણમાં સ્વામીજીએ મુખ્ય વાત આ પ્રમાણે કહી -

"આપણી સભ્યતાનાં ત્રણ મુખ્ય ચિહ્નો છે- અહિંસા, માતૃશક્તિનો સત્કાર અને બ્રાહ્મણત્વ. આ ત્રણે ગુણો પારકી ભાષા દ્વારા વિકસિત ન થઈ શકે. આથી આપણે પારકી ભાષા અપનાવીશું તો આપણે પથભ્રષ્ટ થઈ જઈશું, એક રાષ્ટ્રનું નિર્માણ નહિ કરી શકીએ."

જે સમયે દેશમાં હિંસક આંદોલનો ચાલી રહ્યાં હતાં ત્યારે અહિંસાનો ઉલ્લેખ કરવો, સ્ત્રીઓને ઉચ્ચ સ્થાન આપવું તથા સાચા બ્રાહ્મણત્વ (જ્ઞાની લોકો)નું ઉત્થાન કરવા જેવી પાયાની વાતોની પ્રેરણા આપવી એ સ્વામીજીની દૂરદર્શિતાનો પરિચય આપે છે. તેઓ પોતે શરૂઆતથી જ આ માર્ગે ચાલતા આવ્યા હતા. તેમણે સને ૧૮૯૦ માં જ આ સ્થિતિને સમજી લીધી હતી અને જલંધરમાં 'કન્યા વિદ્યાલય'નો પાયો નાખ્યો હતો. એ ઘટના પણ ખૂબ જ પ્રેરણાદાયક છે. તે વખતે છોકરીઓના શિક્ષણની કોઈ વ્યવસ્થા ન હોવાથી તેમણે પોતાની છોકરીને 'મિશન સ્કૂલ'માં ભણવા મોકલી હતી. એક દિવસ તે છોકરી ઘરે આવીને ગીત ગાવા લાગી -

**તુ તો ઈસા ઈસા બોલ, તેરા ક્યા લગેગા મોલ**
**ઈસા મેરા રામ રમૈયા, ઈસા મેરા કૃષ્ણ કનૈયા**

આ સાંભળતાં જ તેમના કાન ઊભા થઈ ગયા કે ખ્રિસ્તી શાળાઓમાં શિક્ષણ મેળવવાનું આવું જ પરિણામ આવશે. તેમણે તરત જ નિર્ણય કર્યો કે એક 'આર્યકન્યા પાઠશાળા'ની સ્થાપના કરવી, જેમાં આપણા ધર્મને અનુકૂળ શિક્ષણ આપવામાં આવે. આ માટે તેમણે એક અપીલ કરી. તેમને આ કાર્યમાં સહયોગી તરીકે લાલા દેવરાજ મળી ગયા. થોડા જ સમયમાં પાઠશાળા ચાલુ થઈ ગઈ અને આજે તે કન્યા મહાવિદ્યાલય, જલંધરના રૂપમાં સમસ્ત


Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભારતવર્ષમાં સ્ત્રીશિક્ષણ આપતી એક પ્રસિદ્ધ અને માનનીય સંસ્થા છે. હિંદી પ્રાંતોમાં સ્ત્રીશિક્ષણની પ્રગતિનો ઘણો મોટો સ્રોત આ જ સંસ્થા રહી છે એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. આજથી સાઈઠ-સિત્તેર વર્ષ પહેલાં પણ તેમાં સમસ્ત ભારતમાંથી જ નહિ, પરંતુ સમુદ્ર પારના દેશોમાંથી પણ હિંદુ કન્યાઓ શિક્ષણ મેળવવા માટે આવતી હતી.

વાંચકો! આ એ જ શ્રી મુન્શીરામ હતા, જેઓ બનારસનાં મંદિરોની દુર્દશા અને પાખંડલીલા જોઈને પોતે જ ખ્રિસ્તી બનવા માટે તૈયાર થઈ ગયા હતા. તે સમયે તેઓ 'ફાધર લીફ' નામના પાદરીની યુક્તિઓ અને પ્રેરણાથી 'બપતિસ્મા' લેવા માટે દેવળમાં ગયા હતા, પરંતુ સંજોગોવશાત્ એક ખ્રિસ્તી પાદરી અને નન (ખ્રિસ્તી બ્રહ્મચારી સ્ત્રી)નો ભ્રષ્ટાચાર જોઈને પાછા ફરી ગયા.

ત્યાર પછી તેમણે મથુરામાં પણ પંડાઓ અને પૂજારીઓની જે લીલા જોઈ, તેનાથી તેમને પૌરાણિક ધર્મ પ્રત્યે વધારે નફરત થઈ ગઈ. જ્યારે તેમના પિતાએ ત્યાંના ચોબાઓને ભોજન માટે બોલાવ્યા ત્યારે તેમણે કહ્યું, "મણના ચાર જોઈએ કે દસ?" જ્યારે તેઓ આ વાતનો ગૂઢાર્થ સમજી ન શક્યા ત્યારે ચોબાઓએ સમજાવ્યું કે તમારે એક મણમાં ચાર ચોબાઓ એટલે કે દસ શેર ભોજન કરનારાઓને બોલાવવા છે કે ચાર-ચાર શેર ખાનારા દસ ચોબાઓને બોલાવવા છે ? આ ચોબાઓને ભાંગના નશામાં ચકચૂર જોઈને તેમના પ્રત્યે સખત ઘૃણા થઈ ગઈ. સાથે સાથે તેમણે ગોકુળિયા ગોંસાઈઓનાં મંદિરોમાં વ્યભિચારલીલાઓ જોઈ. આ બધી વાતોના કારણે તેમનું મન ધર્મ પરથી બિલકુલ ઊઠી ગયું અને તેઓ થોડા સમય માટે સાવ નાસ્તિક બની ગયા. ત્યાર પછી સ્વામી દયાનંદજીનો ઉપદેશ સાંભળવાથી તેમના વિચારો બદલાયા અને તેઓ 'આર્યસમાજ'ના પાક્કા સદસ્ય બની ગયા.

**પંજાબમાં હિંદી સંસ્કૃતિ અને હિંદી ભાષાનું રક્ષણ -**

જો વિચાર કરવામાં આવે તો જણાશે કે પંજાબની કાયાપલટ કરીને તેમાં સ્વાભિમાન અને ધાર્મિકતાની ભાવના જાગૃત કરવાનું શ્રેય મહદ્ અંશે શ્રદ્ધાનંદજીને જાય છે. ગત અઢી હજાર વર્ષોમાં યુનાનીઓથી


Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લઈને પઠાણો અને મોગલો સુધીનાં આક્રમણોનો પહેલો પ્રહાર હંમેશાં પંજાબે જ સહેવો પડ્યો હતો. ભારતના ભાગ્યનું નિર્ધારણ કરનાર પાણીપતનાં ત્રણે યુદ્ધો આ જ ભૂમિ પર ખેલાયાં હતાં અને પઠાણ તથા મોગલ શાસનનો દોરદમામ પણ ત્યાં જ રહ્યો. આ બધા પ્રહારોએ પંજાબીઓને સુદૃઢ અને સંઘર્ષશીલ તો બનાવી દીધા, પરંતુ હંમેશાં મરવા-મારવાની ભાવના અને વિધર્મીઓની સાથે રહેવાના કારણે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિને તેઓ લગભગ ભૂલી ગયા. અંગ્રેજોએ પણ આ હકીકત જાણી લીધી અને પંજાબીઓને શરૂઆતથી જ પોતાની સાથે જોડી રાખવાના પ્રયત્નો કર્યા. ખાસ કરીને સને ૧૮૫૭ના વિપ્લવમાં પંજાબની સેનાએ જે રીતે દિલ ખોલીને અંગ્રેજોને મદદ કરી અને તેમના ડગમગતા શાસનને બચાવી લીધું ત્યારથી તેમને ખાતરી થઈ ગઈ કે પંજાબની ભૂમિ તેમના સામ્રાજ્યને મજબૂત કરવામાં ખૂબ મદદરૂપ નીવડી શકે છે. આથી તેઓ અહીં પ્રયત્નપૂર્વક અંગ્રેજી, ખ્રિસ્તી ધર્મ, ફેશન વગેરેને વેગ આપતા રહ્યા, જેનાથી અહીંના યુવાનો પોતાની ભારતીયતા તરફ ધ્યાન ન આપતાં સાંસારિક ભોગવિલાસ તરફ આકર્ષિત થાય અને તેની પૂર્તિ માટે અંગ્રેજોની નોકરી કરીને તેમના રાજ્યને મજબૂત બનાવતા રહે.

પંજાબમાં ભારતીયતાના અભાવનું એક ઘણું મોટું કારણ એ પણ હતું કે ત્યાંની લોકભાષા ઉર્દુ બની ગઈ હતી અને લોકો હિંદીથી લગભગ અપરિચિત હતા. આપણે જાણીએ છીએ કે ભાષા અને સંસ્કૃતિનો ખૂબ ઘનિષ્ઠ સંબંધ છે અને ભાષાના માધ્યમથી જ આપણા વિચારો તથા ભાવનાઓ દૃઢ બને છે. જે લોકો ઉર્દુ-ફારસી વગેરે ભણીને તે ભાષાઓના સાહિત્યમાં વર્ણિત ભાવો તથા કથાઓ વગેરેની ચર્ચા કરતા રહે છે તેમનામાં અને જે લોકો હિંદી-સંસ્કૃત તથા તેમાંથી જ પેદા થયેલી બીજી ભારતીય ભાષાઓમાં ભણે છે તેમના વિચારોમાં કેટલું અંતર હોય છે, તેનો થોડોક આભાસ એક ભારતીયતા પ્રેમી મહાકવિની આ બેચાર પંક્તિઓમાં જોઈ શકાય છે -

ભીમ, અર્જુનકી જગહ પર ગૈબ રુસ્તમ કો બિઠા।
સભ્ય લોગોં મેં નહીં દગ આપ સકતે હૈ ઉઠા॥



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કર્ણ કી ઊંચી જગહ જો હાથ હાતિમ કે ચઢી ।
તો સમજ લો ઢહ પડેગી આપ કી ગૌરવ ગઢી ॥
ક્યા હસન કી મસનવી પર આપ હોકર મુગ્ધ મન ।
ફેંક દેંગે હાથ સે વહ દિવ્ય રામાયન રતન ॥

બસ, આવી જ સ્થિતિ આજથી લગભગ દોઢસો વર્ષ અગાઉ પૂર્વ પંજાબની થઈ ચૂકી હતી. ધાર્મિક પુસ્તકો પ્રત્યે પ્રેમ હોવાના કારણે ત્યાંની એકલદોકલ સ્ત્રીઓ ભલે થોડુંઘણું હિંદી ભણી લેતી હોય, બાકી પુરુષોમાં તો સો એ સો ટકા ઉર્દુનો પ્રચાર હતો, જેનું ઉદાહરણ આજે પણ કોઈ જૂના માણસોમાં જોઈ શકાય છે. આવા વાતાવરણમાં ધર્મ અને જાતીયતાના પ્રચારનું વ્રત ધારણ કરીને શ્રદ્ધાનંદજીએ જોયું કે ભાષાનો પ્રચાર કર્યા વિના ધર્મપ્રચારનું કામ થઈ શકશે નહિ, કારણ કે હિંદુ ધર્મનાં બધાં જ પુસ્તકો હિંદી કે સંસ્કૃતમાં જ છે. આથી તેમણે સૌથી પહેલાં પોતાના નિવાસસ્થાન જલંધરમાં જ આ બંનેનું પ્રચારકાર્ય શરૂ કરી દીધું. તે માટે પોતે એક ઉચ્ચ હોદ્દા પર રહેલી પ્રસિદ્ધ વ્યક્તિ હોવા છતાં પણ તેમણે કેવા કેવા અતિશય સામાન્ય ઉપાયો અજમાવ્યા તેનું વર્ણન કરતાં આફ્રિકા નિવાસી શ્રી ભક્તરામ શર્માએ પોતાના અનુભવોમાં લખ્યું છે-

"મહાત્મા મુન્શીરામ વર્ષો સુધી એકતારો વગાડીને પ્રાતઃકાળે જલંધરની શેરીઓમાં ભજનો તથા દોહાનો પ્રચાર કરતા રહ્યા. તેમને ભિખારી સમજીને અમુક સ્ત્રીઓ અન્નવસ્ત્ર આપતી હતી ત્યારે તેઓ તે લાવીને આર્યસમાજમાં જમા કરાવી દેતા હતા. અત્રે એ યાદ રહે કે જલંધરમાં તેમનું સાસરું હતું, તેમ છતાં તેમણે ક્યારેય કોઈ શરમ-સંકોચ અનુભવ્યાં નહિ. છે કોઈને પ્રચારની આવી લગન?"

સમાજસેવાના ક્ષેત્રમાં પદાર્પણ કરનારાઓ માટે શ્રદ્ધાનંદજીનો આદર્શ નિઃસંદેહ ખૂબ પ્રેરણાસ્પદ છે. લોકો શોખથી કે મિત્રોના આગ્રહથી સાર્વજનિક સંસ્થાઓના કાર્યકર્તા તો બની જાય છે, પરંતુ ડગલે ને પગલે મુશ્કેલીઓ આવે છે. તેમના હૃદયમાં નાનામોટાની ભાવના હંમેશાં કામ કરતી રહે છે અને તેઓ બીજા કાર્યકર્તાઓ સાથે સહયોગનો ભાવ રાખવાના બદલે સ્પર્ધાની ભાવના રાખે છે. પરિણામ એ આવે છે કે બહારના લોકોને સંસ્થાનો ઉપરછલ્લો ઠાઠમાઠ અને ધામધૂમ ભલે થોડા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમય માટે આકર્ષિત કરી લે, પરંતુ તેમની આંતરિક શક્તિ હંમેશાં ખૂબ ઓછી જ રહે છે. આથી ઊલટું જે સંસ્થાઓના કાર્યકર્તાઓ ભલે તેમની સંસ્થા કોઈ સામાન્ય મકાનમાં ગરીબીના વાતાવરણમાં જ કેમ ન ચાલતી હોય, પણ આવી જાતના અહંકારથી દૂર રહે છે અને યશ-માનની પરવા કર્યા વગર કંઈક નક્કર સેવાકાર્ય કરવામાં જ આનંદ અનુભવે છે એવી સંસ્થાનાં મૂળિયાં મજબૂત બની જાય છે. વાસ્તવમાં ખૂબ મોટી સંપત્તિ કે આલીશાન ઈમારતો કોઈ સંસ્થાની મહાનતાનું ચિહ્ન હોતું નથી. સાચા અને હૃદયમાં પરમેશ્વરની ભાવના ધરાવનાર કાર્યકર્તાઓને જ તેના પ્રાણ કહી શકાય.

## દેશના સ્વતંત્રતા સંગ્રામમાં -

આમ તો શ્રદ્ધાનંદજીનો સંબંધ શરૂઆતથી જ રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે હતો અને જ્યારે સને ૧૮૮૫માં તેની સ્થાપના થઈ ત્યારે પણ તેમણે જલંધરમાં કોંગ્રેસ સમિતિની સ્થાપના કરી. તે વખતે સર સૈયદ અહમદખાન મુસલમાનોના નામે કોંગ્રેસનો વિરોધ કરી રહ્યા હતા. આથી જલંધરના મુસલમાનોએ પોતાને ત્યાં કોંગ્રેસ સમિતિને અટકાવવાનો પ્રયાસ કર્યો અને અનેક રીતે તેનો વિરોધ કર્યો, પરંતુ ધૂનના પાક્કા એવા શ્રદ્ધાનંદજીએ આવાં વિઘ્નોની પરવા ન કરી. તેમણે ત્યાં જ કોંગ્રેસ સમિતિનું કામ જોરશોરથી ચલાવીને બતાવી આપ્યું.

પરંતુ ત્યાર પછી તેઓ આર્યસમાજ તથા ગુરુકુળનાં કામોમાં પરોવાઈ ગયા અને કોંગ્રેસનું કાર્ય તેમના સાથીદાર, આર્યસમાજના નેતા લાલા લાજપતરાયના ફાળે ગયું. જાણકાર લોકોની સંમતિ છે કે "લાલા લાજપતરાયજીએ અંગ્રેજોને હઠાવવાનો નિશ્ચય કર્યો અને શ્રદ્ધાનંદજીએ અંગ્રેજીયતને દૂર કરવાનો ઉદ્દેશ્ય અપનાવ્યો." જ્યારે ૧૯૧૯માં મહાત્મા ગાંધીએ કોંગ્રેસની કાયાપલટ કરવા અંગ્રેજો સામે પૂર્ણ અસહકારનું આંદોલન શરૂ કર્યું ત્યારે સ્વામીજીએ તેમાં આગળ પડતો ભાગ લીધો અને પહેલીવાર જ એવું કામ કરી બતાવ્યું કે જેનાથી રાજનૈતિક ઈતિહાસમાં તેમનું નામ અમર થઈ ગયું.

મહાત્મા ગાંધીએ અસહયોગનો શંખ ફૂંક્યો અને તેના શ્રીગણેશ કરવા માટે ૩૦ માર્ચ, ૧૯૧૯ના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવામાં આવી. દિલ્હીમાં પણ તમામ ધંધારોજગાર બંધ રહ્યા, માત્ર એક દુકાનદારે દુકાન બંધ કરવાની ના પાડી અને પોલીસે ત્યાં ધરણાં કરતા બે સ્વયંસેવકોની ધરપકડ કરી લીધી. સાંજની વિશાળ સભામાં આ ઘટનાની પણ ચર્ચા કરવામાં આવી અને લોકોમાં થોડી ઉત્તેજના ફેલાઈ ગઈ, પરંતુ સ્વામીજી સૌને શાંત રહેવાનું કહેતા રહ્યા. સભામાંથી ૨૦-૨૫ હજાર લોકોનો સમૂહ રેલી સ્વરૂપે ચાલ્યો. જ્યારે તે ચાંદની ચોકના ટાવર પાસે પહોંચ્યો, તો એકાએક ગોળીઓ છૂટવાનો અવાજ આવ્યો. લોકોમાં ભાગદોડ અને ઉત્તેજના વ્યાપી ગયાં, પરંતુ સ્વામીજીએ આગળ આવીને સૌને શાંત કર્યા અને લશ્કરી સૈનિકોને કહ્યું, "તમે ગોળી શા માટે ચલાવી ?"

સ્વામીજીના પ્રશ્નનો જવાબ આપવાને બદલે સિપાઈઓએ બંદૂકનું નાળચું તેમની છાતી તરફ તાક્યું અને બોલ્યા- "દૂર હઠી જાઓ, નહિતર હમણાં ગોળી ચલાવી દઈશું!"

સ્વામીજીએ પોતાનું વસ્ત્ર હટાવીને છાતી ખુલ્લી કરી દીધી અને એક ડગલું આગળ વધીને ખૂબ ઊંચા સ્વરે બોલ્યા, "લ્યો, ચલાવો ગોળી !" તે વખતે બંદૂકનાં નાળચાં તેમની છાતીને સ્પર્શ કરી રહ્યાં હતાં. એટલામાં સેનાનો અંગ્રેજ અધિકારી ઘોડા પર ચઢીને ત્યાં આવી પહોંચ્યો. તેને જોઈને સિપાઈઓએ એકદમ બંદૂકો નીચી કરી લીધી. સ્વામીજીએ અધિકારીને પૂછ્યું, "ગોળી શા માટે ચલાવવામાં આવી ?"

અધિકારીએ ધીમેથી કહ્યું, "ગોળી ભૂલથી ચાલી ગઈ હતી." અને તે સિપાઈઓને લઈને રસ્તામાંથી ખસી ગયો. સરઘસ શાંતિપૂર્વક આગળ વધ્યું. આ ઘટના તો થોડી જ મિનિટોમાં પૂરી થઈ ગઈ, પરંતુ તેનો પ્રભાવ દૂર દૂર સુધી ફેલાયો. એ જ દિવસે અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં જનરલ ડાયર દ્વારા ઐતિહાસિક હત્યાકાંડ આચરવામાં આવ્યો. દિલ્હીમાં પણ એવી જ ઘટના બની જાત, પરંતુ સ્વામી શ્રદ્ધાનંદજીના કુશળ નેતૃત્વ અને અપ્રતિમ સાહસના કારણે તે ટળી ગઈ. તેના પરિણામે સ્વામીજી તે સમયના નેતાઓમાં સૌથી આગલી હરોળમાં આવી ગયા અને જનતા તેમને પોતાના તારણહાર સમજી તેમની પૂજા કરવા લાગી. આ પ્રસંગે મુસલમાનોએ પણ બધા ભેદભાવ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભૂલીને દિલ્હીની વિશ્વવિખ્યાત જુમ્મા મસ્જિદમાં તેમને ભાષણ આપવા માટે બોલાવ્યા.

એ દિવસે ખૂબ જ અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું હતું કે જ્યારે એક આર્યસંન્યાસીએ ભગવાં વસ્ત્રો ધારણ કરીને જુમ્મા મસ્જિદના મુંબર (ઈમામનું સ્થાન) પર ઊભા રહીને **"ત્વં હિ નઃ પિતા વસો ત્વં માતા"** વાળો ઋગ્વેદનો મંત્ર બોલીને હિંદુ-મુસલમાનોને સમજાવ્યું - "ધર્મ પ્રેમ અને ઉદારતાનું શિક્ષણ આપે છે. નાની નાની વાતોમાં હઠ પકડવી એ અણસમજણ છે." તેના થોડા જ દિવસ પછી અંગ્રેજી સરકારની ચાલોથી ફરીથી હિંદુમુસ્લિમનાં કોમી તોફાનો શરૂ થઈ ગયાં, પરંતુ મુસલમાનોના મુખ્ય ધાર્મિક સ્થાનમાં સ્વામી શ્રદ્ધાનંદજીનું ભાષણ જનતાની સ્મૃતિમાં અમિટ બની ગયું.

**અછૂત ઉદ્ધાર આંદોલન -**

ત્યાર પછી તે જ વર્ષે અમૃતસરમાં કોંગ્રેસનો વાર્ષિકોત્સવ ઊજવવાનો પ્રસંગ આવ્યો. તે વખતે જલિયાંવાલા બાગના હત્યાકાંડના કારણે ત્યાં ચારેકોર આતંક છવાયેલો હતો અને કોઈ રાજનૈતિક કાર્યમાં ભાગ લેવા કે ફાળો આપવા માટે તૈયાર થતું નહોતું. આ સ્થિતિમાં કોંગ્રેસ અધિવેશનને સફળ બનાવવું એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરું જણાતું હતું. ત્યારે સ્વાગત સમિતિનું અધ્યક્ષપદ સ્વામી શ્રદ્ધાનંદજીને જ આપવામાં આવ્યું અને તેમણે પોતાના પ્રભાવ અને કર્મવીરતાથી થોડાક જ દિવસોમાં ત્યાંની કાયાપલટ કરી નાખી. કોંગ્રેસનું અધિવેશન સ્વ.મોતીલાલ નહેરુની અધ્યક્ષતામાં ધૂમધામથી શરૂ થયું અને સ્વામીજીએ સ્વાગત સમિતિના અધ્યક્ષ તરીકેનું ભાષણ હિંદીમાં આપ્યું, જે આ 'અંગ્રેજીપ્રધાન સંસ્થા' માટે સાવ નવી બાબત હતી. એ ભાષણની બીજી વિશેષતા એ હતી કે તેમાં રાજનીતિની સાથે ભારતની સામાજિક સમસ્યાઓનો પણ સમન્વય કરીને કહેવામાં આવ્યું હતું -

"લંડન શહેરમાં 'ભારત પુનર્નિર્માણ સમિતિ' સમક્ષ જુબાની આપતી વખતે ખ્રિસ્તી મુક્તિ સેનાના બુથ ટકરસાહેબે કહ્યું હતું કે ભારતના સાડા છ કરોડ અછૂતોને વિશેષ અધિકારો મળવા જોઈએ. આનું કારણ તેમણે એવું જણાવ્યું કે 'આ અછૂતો ભારતમાં બ્રિટિશ સરકારરૂપી જહાજ માટે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લંગર છે.' આ શબ્દો પર ઊંડો વિચાર કરો અને વિચારો કે કઈ રીતે આપણા આ સાડા છ કરોડ ભાઈઓ કે જેમને તમે તરછોડી દીધા છે તે એક વિદેશી રાજ્યનું લંગર બની શકે છે ? હું તમને સૌ ભાઈબહેનોને એક જ વિનંતી કરું છું કે આ પવિત્ર જાતીય મંદિરમાં બેસીને પોતાના હૃદયને માતૃભૂમિના પ્રેમજળથી શુદ્ધ કરીને પ્રતિજ્ઞા કરો કે "આજથી તે સાડા છ કરોડ લોકો આપણા માટે અછૂત નહિ રહે, પરંતુ આપણાં જ ભાઈબહેન હશે. તેમનાં દીકરાદીકરીઓ આપણી શાળાઓમાં ભણશે. તેમનાં ગૃહસ્થ સ્ત્રીપુરુષો આપણી સભાઓમાં સામેલ થશે. આપણા સ્વતંત્રતાયુદ્ધમાં તેઓ આપણી સાથે ખભેખભા મિલાવશે અને આપણે બધા એકબીજાનો હાથ પકડીને આપણા જાતીય ઉદ્દેશ્યને પૂરો કરીશું. હે દેવીઓ અને સજ્જનો ! મને આશીર્વાદ આપો કે પરમાત્માની કૃપાથી મારું આ સ્વપ્ન પૂર્ણ થાય."

પરંતુ જ્યારે થોડા જ સમય પછી કોકોનાડાની કોંગ્રેસમાં તેમણે મૌલાના મોહમ્મદઅલીને એવું કહેતાં સાંભળ્યા કે "અછૂતો તો એક બિનવારસી માલ જેવા છે, તેમને હિંદુઓ અને મુસલમાનોએ અડધાઅડધા વહેંચી લેવા જોઈએ" ત્યારે સ્વામીજીના દિલમાં ઊંડો આઘાત લાગ્યો અને કોંગ્રેસ સાથે તેમને મતભેદ થઈ ગયો. તેઓ રાજનૈતિક સ્વતંત્રતાના સમર્થક હતા, પરંતુ 'હિંદુત્વ'નું રક્ષણ કરવું એ પણ તેમનું અટલ ધ્યેય હતું. આથી તેમણે થોડા જ સમય પછી હિંદુ સંગઠનનું કાર્ય શરૂ કર્યું, જેથી તેઓ પોતાની જાતિની નબળાઈઓ દૂર કરીને તેને પોતાનું રક્ષણ જાતે કરવા યોગ્ય બનાવી શકે.

તેમણે જોયું કે દિલ્હીની આજુબાજુનાં ગામડાંઓમાં ખ્રિસ્તી પ્રચારકો ખાસ કરીને ચમારોને પોતાની જાળમાં ફસાવીને 'અહિંદુ' બનાવી રહ્યા છે. આ જોઈને તેમણે 'દલિતોદ્ધાર સભા' સ્થાપિત કરીને શરૂઆતમાં દિલ્હી પ્રાન્તમાં અને પછીથી દેશના બીજા ભાગોમાં પણ તેની શાખાઓ શરૂ કરી અછૂતોને નાગરિક અધિકારો અપાવવા માટે ઘણો પુરુષાર્થ કર્યો. મહાત્મા ગાંધી પણ તેનાથી ખૂબ જ પ્રભાવિત થયા અને તેમણે સ્વામીજીના કાર્યની પ્રશંસા કરતાં લખ્યું હતું, "તેઓ તેમાં અધકચરો સુધાર કરવાનું પસંદ કરતા નહોતા. જો તેમનું ચાલ્યું હોત તો તેઓ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાતવાતમાં હિંદુ ધર્મમાંથી અસ્પૃશ્યતા દૂર કરી દેત. તેઓ દરેક મંદિર, દરેક કૂવો સમાનતાના હક સાથે અછૂતો માટે ખોલી દેત અને તેનું જે પરિણામ આવે તે ભોગવી પણ લેત."

**શુદ્ધિ અને સંગઠન -**

આ જ સમયમાં એક બીજી ઘટના બની. ખ્વાજા હસન નિઝામી નામના મુસલમાન લેખકે 'દાર-એ-ઈસ્લામ' નામનું પુસ્તક લખ્યું, જેમાં હિંદુઓને મુસલમાન બનાવવાની, ખાસ કરીને હિંદુ વિધવાઓને ફોસલાવીને વટલાવવાની યુક્તિઓનું વર્ણન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક ખાનગી રીતે માત્ર મુસ્લિમોને જ આપવામાં આવતું હતું, પરંતુ દક્ષિણ આફ્રિકામાં તેની એક-બે પ્રતો આર્યસમાજી વિચારો ધરાવતી વ્યક્તિઓ પાસે પહોંચી ગઈ અને તેમણે તે ભારતના મુખ્ય આર્યસમાજી નેતાઓને મોકલી આપી. તેનો સારાંશ સમાચારપત્રોમાં છપાયો અને પત્રિકાઓના રૂપમાં પ્રચારિત કરવામાં આવ્યો. તેનાથી હિંદુઓમાં ખૂબ સનસનાટી ફેલાઈ ગઈ અને સંગઠન કરીને હિંદુઓનું રક્ષણ તથા બિનહિંદુઓને શુદ્ધ કરીને પોતાનામાં પાછા વાળવાનું આંદોલન શરૂ કરવામાં આવ્યું. તેના મુખ્ય સંચાલક પણ સ્વામીજી જ બન્યા અને તેમણે 'ભારતીય શુદ્ધિ સભા'ની સ્થાપના કરી.

આગરા, મથુરા, ભરતપુર વગેરેમાં રહેતા મલકાના રાજપૂતો કે જેમને અમુક વર્ષો પહેલાં મુસલમાન બાદશાહો દ્વારા જબરદસ્તીથી મુસલમાન બનાવવામાં આવ્યા હતા, પરંતુ અત્યાર સુધી તેઓ હિંદુઓના ઘણાબધા રિવાજો પાળતા રહ્યા હતા અને ફરીથી હિંદુ બનવા ઈચ્છતા હતા. તેમને શુદ્ધ કરીને પોતાનામાં સમાવી લેવા એવો નિર્ણય કરવામાં આવ્યો. આ લોકોની સંખ્યા આશરે પાંચ લાખ જેટલી હતી અને આ આંદોલનના સંચાલનની જવાબદારી ખાસ કરીને આગરાના આર્યસમાજના માથે હતી. તેના માટે ત્યાં એક ખૂબ મોટું સંમેલન બોલાવવામાં આવ્યું, જેમાં સ્વામી શ્રદ્ધાનંદજી પણ સામેલ થયા. તેમણે મલકાના રાજપૂતો સાથે વાતચીત કરીને તેમની ઈચ્છા સારી રીતે જાણી લીધી અને ત્યારે 'શુદ્ધિ'ની પરવાનગી આપવામાં આવી. તેનાથી દેશભરના હિંદુઓમાં જુસ્સો અને એક નવી જાગૃતિ ફેલાઈ ગઈ, પરંતુ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાથે સાથે મુસલમાનો તેમના વિરોધી બની ગયા. સ્વામીજી પોતાના કાર્યમાંથી ડગે એવા ક્યાં હતા? શુદ્ધિ અને સંગઠનનું કાર્ય તેઓ ઉત્તરોત્તર વધારવા લાગ્યા.તેનાથી એક બાજુ હિંદુઓ મજબૂત થતા ગયા અને બીજી બાજુ મુસલમાનોમાં વેરભાવ પણ વધતો ગયો, જે છેવટે સ્વામીજીનું બલિદાન લઈને જ શમ્યો.

**સર્વસ્વત્યાગનું ઉદાહરણ -**

સ્વામીજીએ પોતાના ગૃહસ્થજીવનમાં ક્યારેય ધનસંગ્રહ તરફ ધ્યાન આપ્યું નહોતું. શરૂઆતથી જ તેઓ સાર્વજનિક સેવાનું કાર્ય કરવા લાગ્યા હતા, તેથી જેવી રીતે બીજા પાસેથી ફાળો ઉઘરાવીને લાવતા હતા, એવી જ રીતે પોતાની આવકનો મોટો ભાગ તેમાં ખર્ચી નાખતા હતા. વકીલાતનો ધીકતો ધંધો ચાલતો હોવા છતાં પણ તેમણે જલંધરમાં પોતાના નિવાસ માટે એક મોટી હવેલી બનાવવા સિવાય બીજો કોઈ સંગ્રહ ન કર્યો. જ્યારે ગુરુકુળ ખોલ્યું ત્યારે પોતાની તમામ સંપત્તિ તેમાં ખર્ચી નાખી. માત્ર હવેલીમાં ઘરના અન્ય લોકો રહેતા હતા, પરંતુ એવો સમય આવ્યો કે જ્યારે તેમને લાગ્યું કે સાચા કાર્યકર્તાએ પૂર્ણ ત્યાગ કરવો પણ આવશ્યક છે. આ ઘટનાનો ઉલ્લેખ કરતાં તેમણે પોતાના એક ભાષણમાં કહ્યું હતું-

"હું ગુરુકુળ માટે દાન મેળવવા દિલ્હીના એક ધનિકના ઘરે ફાળો ઉઘરાવવા ગયો. તે ધનવાન મારા આવવાના સમાચાર સાંભળી ઘરની અંદર ચાલ્યા ગયા અને કહેવડાવી દીધું, "સાહેબ તો જાજરૂમાં ગયા છે." હું થોડીવાર સુધી બેસી, નિરાશ થઈને પાછો ફર્યો. ઘેર આવીને મેં મારા અંતરાત્માને પૂછ્યું કે આવું કેમ થયું ? તેના જવાબમાં અંતર્ધ્વનિ થયો કે તેનું કારણ એ છે કે તેં અત્યાર સુધી પોતાની જાતને ધર્મની સેવામાં સર્વતોભાવેન સમર્પિત કરી નથી અને તારા મનમાં બચેલી સંપત્તિના કારણે અહંકાર છે. એ જ વખતે મેં નિર્ણય કરી લીધો કે અહંકારના આ બચી ગયેલા મૂળને પણ ઉખાડીને ફેંકી દઈશ. ત્યાર પછી મેં એક કાયદેસરનું સોગંદનામું તૈયાર કર્યું, જેમાં જલંધરવાળું મકાન આર્ય-પ્રતિનિધિ સભા, પંજાબને દાનમાં આપવાની જાહેરાત કરવામાં આવી. આ દાનપત્ર પર મારા બંને પુત્રો હરિશ્ચંદ્ર અને ઇન્દ્રએ પણ સંમતિપૂર્વક હસ્તાક્ષર કરી દીધા."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાચકો ! આ કેટલી પ્રેરણાપ્રદ ઘટના છે અને સાચા કાર્યકર્તા કેવા હોય છે, તેનું આ કેવું અનુપમ ઉદાહરણ છે! દાન તો પોતાની ક્ષમતા અનુસાર લાખો અને કરોડોનું પણ આપી શકાય છે, પરંતુ ક્યારેક ક્યારેક એક પૈસાના દાનનું મહત્ત્વ દસ લાખ રૂપિયા કરતાં વધારે માનવામાં આવે છે. સ્વામી શ્રદ્ધાનંદજીનું પોતાની હવેલીનું દાન સામાન્ય દૃષ્ટિએ વિચારીએ તો કોઈ મોટી વાત જણાતી નથી, પરંતુ તેમણે એક ઘટનાના આધારે પોતાના આંતરિક વિચારોની જે પરીક્ષા કરી અને પોતાની ખામીને જાતે શોધી કાઢી, જે રીતે તેનું નિરાકરણ કર્યું તે એક એવી પ્રેરણા છે, જેનાથી કોઈ પણ વ્યક્તિ આત્મોત્કર્ષના લક્ષ્ય તરફ પ્રગતિ કરી શકે છે. સાર્વજનિક સેવાના માર્ગમાં પરિશ્રમ, કષ્ટસહિષ્ણુતા, સંલગ્નતા વગેરેની સાથેસાથે સાચી ત્યાગભાવનાની પણ જરૂર હોય છે. આ જ ખામીને કારણે મોટેભાગે લોકનેતાઓ પર સ્વાર્થ સાધવાનો આક્ષેપ થતો હોય છે અને હાલના સમયમાં તો આ વાત સાવ પ્રત્યક્ષ દેખાઈ આવે છે. આ જ કારણે આજકાલ 'નેતા' શબ્દ શ્રદ્ધા અને સન્માનનો સૂચક બનવાને બદલે સ્વાર્થપરાયણતા અને ભ્રષ્ટાચારનું પ્રતીક બની ગયો છે. કેટલાય લોકો તો આજકાલ 'નેતા' શબ્દને એક જાતની ગાળ સમજે છે.

આ તો મહાત્મા ગાંધી અને સ્વામી શ્રદ્ધાનંદજી જેવા મહામાનવોનું જ કામ છે કે જેમણે શરૂઆતથી જ આ હકીકત જાણી લઈને તમામ ધન-સંપત્તિ અને મિલ્કતથી છેડો ફાડી નાખ્યો અને પોતે એટલા બધા અકિંચન બની ગયા કે કોઈ વ્યક્તિ દ્વારા જરા પણ શંકા કે આક્ષેપ થવાની સંભાવના જ ન રહી. આમ તો કેટલાક મૂર્ખ લોકો બફાટ કરતા રહે છે કે ગાંધીજીએ કરોડો રૂપિયા ભેગા કરી લીધા, પરંતુ તેમની વાતોને નાનાં બાળકો કરતાં વધારે મહત્ત્વની માનવામાં આવતી નથી. હું એવું નથી કહેતો કે તમામ કાર્યકર્તાઓ આવી રીતે ત્યાગી-સંન્યાસી બની જાય, પરંતુ એ સ્પષ્ટ હકીકત છે કે સાર્વજનિક ક્ષેત્રમાં આવીને દરેક વ્યક્તિએ પોતાની સ્થિતિ એવી પારદર્શક રાખવી જોઈએ કે તેના તરફ કોઈ વ્યક્તિને આંગળી ચીંધવાની તક ન મળે. ત્યારે જ વાસ્તવમાં તે કોઈ એવું કાર્ય કરી શકશે, જેનાથી આ લોકમાં જ નહિ, પરંતુ પરલોકમાં પણ તેનો આત્મા શાંતિનો અનુભવ કરી શકશે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## બે મહાત્માઓનું મિલન -

મહાત્મા ગાંધીની ચર્ચા નીકળી એટલે યાદ આવ્યું કે તેમને 'મહાત્મા'ની પદવી આપનાર સ્વામી શ્રદ્ધાનંદજી જ હતા. જ્યાં સુધી તેઓ દક્ષિણ આફ્રિકામાં રહ્યા ત્યાં સુધી તેમને અહીંના સમાચારપત્રોમાં 'કર્મવીર ગાંધી' તરીકે સંબોધવામાં આવતા હતા. એ દિવસોમાં ગુરુકુળ કાંગડીના બ્રહ્મચારીઓએ પોતાના ભોજનમાં દૂધ લેવાનું બંધ કરીને અને એક બંધ પર મજૂરી કરીને ૧૫૦૦ રૂપિયા ભેગા કરી સત્યાગ્રહ આંદોલનની મદદ માટે આફ્રિકા મોકલ્યા હતા. આ રૂપિયા ગાંધીજીને એવી સખત જરૂરિયાતના સમયે જ મળ્યા કે જ્યારે આંદોલનનું કામ આર્થિક તંગીના કારણે અટકી ગયું હતું. આ મદદ મળતાં તેમણે સ્વામીજીને નીચે પ્રમાણે એક પત્ર મોકલ્યો હતો-

"પ્રિય મહાત્માજી! શ્રી એન્ડરુજે મને તમારા નામ અને કામનો પરિચય આપ્યો. તેમણે મને એ પણ જણાવ્યું કે તમે 'ગુરુદેવ' (શ્રી રવીન્દ્રનાથ ટાગોર) અને શ્રી રુદ્રથી કઈ રીતે પ્રભાવિત થયા છો? તમારા શિષ્યોએ સત્યાગ્રહીઓ માટે જે કાર્ય કર્યું છે તેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું અને આપના પ્રત્યે મારો આદર વ્યક્ત કરવા માગું છું."

સને ૧૯૧૬માં ગાંધીજી જ્યારે ભારત આવ્યા ત્યારે કોઈ પણ જાતની જાણ કર્યા વિના જ ગુરુકુળ કાંગડી પહોંચ્યા. તેઓ જ્યારે શ્રદ્ધાનંદજીની કુટિરમાં ગયા તો આદર અને શ્રદ્ધાથી અભિભૂત થઈને તેમણે સ્વામીજીના ચરણસ્પર્શ કર્યા. જ્યારે સ્વામીજીએ પરિચય પૂછ્યો તો જવાબ મળ્યો, "હું છું તમારો નાનો ભાઈ મોહનદાસ કરમચંદ ગાંધી." સ્વામીજીએ અત્યંત પુલકિત થઈને ગાંધીજીને ગળે લગાવ્યા અને ખૂબ પ્રેમથી તેમને 'મહાત્મા' કહીને સંબોધ્યા. બસ, ત્યારથી ગાંધીજી 'મહાત્મા'ના નામથી જ પ્રસિદ્ધ થઈ ગયા.

મહાત્મા ગાંધી સ્વામી શ્રદ્ધાનંદજીનો હંમેશાં એક મહાપુરુષ તરીકે આદર કરતા રહ્યા. જ્યારે મહર્ષિ દયાનંદજીની ટીકા કરવાના કારણે તેમને સ્વામીજી સાથે મતભેદ થઈ ગયો અને સ્વામીજીએ કોંગ્રેસનો ત્યાગ કરી શુદ્ધિ અને સંગઠનનું કાર્ય શરૂ કર્યું ત્યારે પણ આ બંને મહાત્માઓના વ્યક્તિગત પ્રેમભાવમાં કોઈ ફરક પડ્યો નહોતો, પરંતુ ગાંધીજીએ પોતે તે મતભેદ વિશે ચર્ચા કરતાં લખ્યું -



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"તે મતભેદથી તેમનો બાળસહજ સ્વભાવ જ મારી સમક્ષ પ્રગટ થયો. પરિણામનો વિચાર કર્યા વગર જ તેમને જેવી ખબર હતી તેવી સાચી વાત કહી દીધી. તેઓ અતિશય સાહસિક હતા. સમય વીતવાની સાથેસાથે અમારા બંનેના સ્વભાવમાં જે અંતર હતું તેને હું જોતો ગયો, પરંતુ તેનાથી તો તેમના આત્માની શુદ્ધતા જ સાબિત થઈ."

સ્વામી શ્રદ્ધાનંદજીના બલિદાનના સમાચાર સાંભળી ગાંધીજીએ કહ્યું હતું- "તેઓ વીરતા અને સાહસનું મૂર્તરૂપ હતા. તેઓ વીરોચિત જીવન જીવ્યા એ વીરની જેમ મૃત્યુ પામ્યા. તેમની સમગ્ર જિંદગી શાનદાર હતી અને અંત પણ એવો જ શાનદાર આવ્યો. કાશ! મને પણ સ્વામી શ્રદ્ધાનંદજીની જેમ શાનદાર મોત મળે." સંજોગોવશાત્ ગાંધીજીની એવી અભિલાષા બરાબર એવી જ રીતે પૂરી થઈ અને તેનાથી તેમનું મહત્ત્વ જીવિત સ્થિતિ કરતાં પણ ખૂબ વધારે વધી ગયું.

**સત્યના અનુયાયી -**

સ્વામી શ્રદ્ધાનંદજી જેવી રીતે પોતાના સિદ્ધાંતો પર જીવનની અંતિમ ક્ષણ સુધી અડગ રહ્યા અને તેના માટે જ મૃત્યુનું પણ નિર્ભયતાથી સ્વાગત કર્યું એ સ્થિતિ તેમને સરળતાથી પ્રાપ્ત નહોતી થઈ. તેમનું શરૂઆતનું જીવન ખૂબ જ ઉતાર-ચઢાવવાળું રહ્યું હતું અને તેમાં એક સમયે માંસ, મદિરા, વેશ્યાગમન વગેરે દુર્વ્યસનો પણ પ્રત્યક્ષ રીતે પ્રવેશી ગયાં હતાં. કેટલાક ખરાબ મિત્રોની સોબતથી આવા દોષો આવી ગયા, છતાં પણ તેમની સત્યપ્રિયતા અને પ્રતિજ્ઞાપાલનમાં ક્યારેય અંતર આવ્યું નહોતું. તેઓ જયારે જે વાતને સાચી સમજયા અથવા તો કોઈ પ્રતિજ્ઞા કરી તેને પૂરી કરી બતાવી. શરૂઆતમાં તેઓ પોતાનાં પરિવારજનોની જેમ શિવજી તથા અન્ય દેવતાઓમાં વિશ્વાસ ધરાવતા હતા અને નિયમપૂર્વક મંદિરમાં દર્શન કરવા જતા હતા. એટલું જ નહિ, પોતાના પિતા શ્રી નાનકચંદજીને નિત્ય પ્રાતઃકાળે શિવજીની પૂજા કરતા જોઈને તેઓ એક તૂટેલું-ફૂટેલું શિવલિંગ ક્યાંકથી લઈ આવ્યા હતા અને તેની પર નિયમિત જળ ચઢાવતા હતા. શાળાએથી ઘેર આવીને તુલસીકૃત રામાયણનો પાઠ પણ કરતા હતા. કાશીમાં રહેતા હતા ત્યારે તેઓ તેમના પિતા સાથે 'બુદ્ધુભગત' નામના વૈશ્યની રામાયણકથા સાંભળવા પણ જતા હતા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને તેમના ઉપદેશથી દર રવિવારે એક પગે ઊભા રહીને હનુમાનચાલીસાનો પાઠ કરી લીધા પછી જ ભોજન કરતા હતા.

પરંતુ જ્યારે તેમણે કાશીના વિશ્વનાથ મંદિરમાં રાજામહારાજાઓ આગળ સામાન્ય ભક્તોનું અપમાન થતું જોયું ત્યારે તેમની શિવજી પ્રત્યેની શ્રદ્ધા ઓછી થઈ ગઈ. ત્યાર પછી ચિત્રકુટમાં 'લક્ષ્મણ યતિનો પહાડ' નામના સ્થળે આવીને તેમણે પંડાઓની પાખંડલીલાનો એક વધુ કિસ્સો સાંભળ્યો. તે પહાડ પાસે એક ધનુષ્યબાણનું ચિહ્ન બનેલું હતું. પંડાઓ કહેતા હતા કે અહીં લક્ષ્મણજી પોતાનાં અસ્ત્રશસ્ત્ર મૂકતા હતા, તેનાં જ આ નિશાન પડી ગયાં છે, જે નીચે સુધી બધે જ ફેલાયેલાં છે. એક યુરોપિયને થોડાં વર્ષો પહેલાં આ સાંભળી તેની પરીક્ષા કરવાની ઈચ્છા બતાવી અને ૫૦૦ રૂપિયા ઈનામ આપવાનું વચન આપ્યું. તે અંગે ખોદકામ શરૂ થયું, પરંતુ નવ ફૂટથી નીચે કોઈ નિશાન ન મળ્યું. આ નવ ફૂટમાં પણ ઉપરાઉપરી માટીના થર કરીને બનાવવામાં આવ્યું હતું. આથી પંડાઓ ખૂબ જ બેઈજ્જત થયા. આ બનાવથી મુન્શીરામજીના હૃદયમાં પણ પૌરાણિક ધર્મ પ્રત્યે સંદેહ પેદા થવા લાગ્યો.

જ્યારે તેમના પિતાની બદલી મિરઝાપુર થઈ ત્યારે ત્યાં તેમણે વિંધ્યવાસિની દેવીના મેળાનું દૃશ્ય જોયું. પહેલાં તો અસંખ્ય બકરાંનો બલિ અપાતો જોઈને જ તેમને ઘૃણા થઈ. પછી જ્યારે તેઓ થાણાના ધાબે ચઢીને ચારે બાજુ જોવા લાગ્યા ત્યારે તેમની નજર એક રાજાના તંબુ પર પડી, જ્યાં વામમાર્ગ અનુસાર એક નગ્ન સ્ત્રીની પૂજા કરવામાં આવી રહી હતી. આથી તેમનો ઘૃણાભાવ ઘણો વધી ગયો.

આ જ મેળામાં એક બીજી ઘટના બની. તેમના પિતા લાલા નાનકચંદનો જોખુ મિસર નામનો એક નોકર હતો. તે દેવીના મંદિરમાં બલિ અપાયેલાં બકરાંનાં માથાં લાવીને તેમને શેકીને ખાતો હતો. એક દિવસ તેની માંસની હાંડલી ચૂલા પર મૂકેલી હતી ત્યારે લાલા નાનકચંદનો બીજો એક નોકર ચૂલામાંથી થોડા અંગારા ચલમ ભરવા માટે લઈ આવ્યો. બસ, જોખુ મિસર ગુસ્સાનો માર્યો લાલઘૂમ થઈ ગયો અને ગમે તેમ બોલવા લાગ્યો. જ્યારે નાનકચંદજીએ તેને આટલા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગુસ્સે થવાનું કારણ પૂછયું, તો જોખુ મિસર બોલ્યો, "સરકાર ! મેં મારો ધરમ ક્યારેય છોડ્યો નથી. અરે, હું જુઠ્ઠું બોલ્યો, જુગાર રમ્યો, ગાંજાનો દમ લગાવ્યો, દારૂ પીધો, લાંચ લીધી, ચોરી તથા દગાબાજી કરી, પરંતુ મારો ધરમ કદી છોડ્યો નથી. આજે તેણે મારા રસોડામાં આવીને મારો ધરમ ભ્રષ્ટ કરી દીધો." મુન્શીરામજીને જોખુ મિસરનો આ ધર્મનો ઢોંગ જોઈને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ મનોમન વિચારવા લાગ્યા કે આ બ્રાહ્મણ કેવો પાખંડી છે, જેને મૂંગાં નિર્દોષ પશુઓનું માંસ ખાવામાં તો કોઈ સંકોચ થતો નથી અને રસોડાને અડકી જવાને જ અધર્મ સમજે છે.

આવી રીતે અનેક સ્થળોએ ધાર્મિક કહેવાતા લોકોની લીલાઓ જોઈને થોડા જ દિવસોમાં તેમને પ્રચલિત 'ધર્મ' પ્રત્યેનો વિશ્વાસ બિલકુલ ઊઠી ગયો. તેઓ 'પાપ-પુણ્ય'ની વાતોને માત્ર ઢોંગ સમજવા લાગ્યા અને તેના પરિણામે યુવાવસ્થાએ પહોંચતાં તેઓ પોતે પણ અનેક દુર્વ્યસનોમાં ફસાઈ ગયા.

**પતિપરાયણ પત્ની -**

આ દુર્વ્યસનોમાંથી તેમનો છુટકારો કેવી રીતે થયો તે અંગે પણ એક વિશેષ ઘટના જાણવા મળે છે, જેનાથી ભારતીય નારીની મહાનતાનો અનુભવ થાય છે. તેમનાં પત્ની શ્રીમતી શિવદેવી ખૂબ જ પતિવ્રતા અને સેવાપરાયણ હતાં. તેઓ પતિના બધા દુર્ગુણોને જાણતાં હોવા છતાં તેમના પ્રત્યે પરમેશ્વર જેવી ભક્તિ ધરાવતાં હતાં. તેમને ભોજન કરાવ્યા સિવાય પોતે કદી ભોજન કરતાં ન હતાં અને સૂતાં પહેલાં તેમના પગ અચૂક દબાવતાં હતાં.

એક દિવસ તેઓ પોતાના કુસંગી મિત્રો સાથે કોઈ વેશ્યાને ત્યાં ગયા અને ત્યાં ખૂબ જ દારૂ પીને મોડી રાત્રે ઘેર આવ્યા. ત્યાં સુધી શિવદેવી તેમની રાહ જોતાં ભૂખ્યાં બેસી રહ્યાં હતાં. ઘેર આવ્યા પછી દારૂના નશાને કારણે તેમને ખૂબ જ ઊલટી થઈ, તેમનાં તમામ કપડાં ખરાબ થઈ ગયાં. પત્નીએ કશું જ બોલ્યાચાલ્યા વગર તેમને પૂરી રીતે સાફ કર્યા અને બીજાં કપડાં પહેરાવી પલંગ પર સુવડાવી દીધા તથા પોતે આખી રાત પંખો નાખતાં બેસી રહ્યાં. સવારે જાગ્યા ત્યારે મુન્શીરામજીએ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમને આવી રીતે બેઠેલાં જોયાં અને રાતની ઘટના યાદ આવી ત્યારે તેમને પોતાની જાત પ્રત્યે ખૂબ જ ગ્લાનિ થઈ અને ત્યારથી તેમણે એ તમામ દુર્વ્યસનો ત્યાગવાની પ્રતિજ્ઞા કરી લીધી.

હાલના સમયના અનેક નવશિક્ષિતો ભારતીય સ્ત્રીઓના 'પતિવ્રત' આદર્શને મૂર્ખતાપૂર્ણ ગણાવે છે. જો કે એ વાત સાચી છે કે કેટલાંક પુરાણોમાં તેનું અતિશયોક્તિભર્યું વર્ણન કરવામાં આવ્યું છે અને તેના અનેક સાચા-ખોટા મનઘડંત કિસ્સા ઉમેરી દેવામાં આવ્યા છે, તેમ છતાં તેનાથી પતિવ્રતનો મહિમા ઘટતો નથી. મહાત્મા મુન્શીરામજીનાં પત્નીની આ ઘટના સાબિત કરે છે કે એક સામાન્ય સ્ત્રી પણ સંયમ અને સેવાપરાયણતા દ્વારા પોતાના બગડેલા પતિને કેવી રીતે સુધારી શકે છે ! આથી ઊલટું, જો તેમણે લડાઈઝઘડા કર્યા હોત કે કોઈ ઊંધો રસ્તો અપનાવ્યો હોત તો તેનું પરિણામ બંને માટે પતન સિવાય બીજું શું આવત ? કેટલીય ભારતીય સ્ત્રીઓ આવી રીતે પોતાની પવિત્રતા અને સેવાભાવથી અત્યાર સુધી પોતાના પતિઓને કુમાર્ગેથી સન્માર્ગ તરફ લાવી ચૂકી છે, જેમાં શ્રદ્ધાનંદજીના આરંભિક જીવનનો આ પ્રસંગ પણ ખાસ પ્રેરણાદાયક છે.

**મામલતદારપદેથી રાજીનામું -**

ઉપર જણાવ્યું તેમ શ્રદ્ધાનંદજીના આરંભિક જીવનમાં અનેક જાતના ઉતારચઢાવ આવ્યા, પરંતુ બાળપણથી જ તેમનામાં જે સત્યાન્વેષણની પ્રવૃત્તિ હતી તેના કારણે તેઓ ભ્રમ અને દોષોથી બચતા રહીને તે સમયની પરિસ્થિતિ પ્રમાણે ધીરેધીરે સાચા માર્ગ પર આવતા ગયા. તેમના પિતા પોલીસખાતામાં ફોજદાર હતા અને તેમની બદલી સતત એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં થતી રહેતી હતી. થોડાં જ વર્ષોમાં તેઓ કાશી, મથુરા, બાંદા, મિરઝાપુર, બરેલી વગેરે અનેક જિલ્લાઓમાં આવતા જતા રહ્યા. તેનું પરિણામ એ આવ્યું કે ઈચ્છા હોવા છતાં અને ભણવામાં હોશિયાર હોવા છતાં પણ તેમનું શિક્ષણ યોગ્ય રીતે થઈ ન શક્યું. તેના કારણે મેટ્રિકની પરીક્ષા પાસ કરવામાં તેમને ત્રણ વર્ષ લાગ્યાં, તેમ છતાં કોલેજમાં દાખલ તો થયા, પરંતુ ત્યાં પણ અનેક જાતનાં વિઘ્નો આવતાં રહ્યાં. આથી સારી યોગ્યતા હોવા છતાં પણ કોઈ ઊંચી પદવી પ્રાપ્ત કરી ન શક્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મુન્શીરામજીના બે ભાઈ તો થાણેદાર તરીકે કામ કરવા લાગ્યા હતા, આથી લાલા નાનકચંદજી મુન્શીરામજીને કોઈ બીજી સરકારી નોકરી મળે તેવું ઈચ્છતા હતા. બરેલીના કમિશનર મિ. એડવર્ડની તેમની પર ખાસ કૃપા હતી. તેમની પરવાનગીથી તેમનું નામ મામલતદાર તરીકે મોકલી દેવામાં આવ્યું. થોડાક દિવસ પછી નાયબ મામલતદાર રજા પર ગયા, તો તે જગ્યાએ એમની નિમણૂક કરી દેવામાં આવી. ફરી થોડા સમય પછી મામલતદારે લાંબી રજાઓ લીધી અને તેમની જગ્યાએ આ કામ કરવા લાગ્યા. તેમના પિતાને તો ઘણી આશા હતી કે કમિશનર સાહેબની કૃપાથી તેઓ જલદીથી કાયમી મામલતદાર બની જશે, પરંતુ કોઈ સિદ્ધાંત પર ચાલનાર વ્યક્તિ માટે સરકારી નોકરી જાળવી રાખવી કેટલી અઘરી હોય છે એ તેમને થોડા જ વખતમાં સમજાઈ ગયું.

ઘટના એવી બની કે બરેલીથી આઠદસ માઈલ દૂર અંગ્રેજ સૈન્યએ પડાવ નાખ્યો અને તેના માટે કરિયાણું પહોંચાડવાની જવાબદારી મુન્શીરામજીના માથે હતી. તેમણે ત્યાંના દુકાનદારો પાસે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની દુકાનો ખોલાવી દીધી. એક દિવસ કેટલાક ગોરા સૈનિકોએ ઈંડાવાળા પાસેથી પૈસા ચૂકવ્યા વગર ઈંડાં લઈ લીધાં. જ્યારે મુન્શીરામજીને આ અન્યાયની ખબર પડી ત્યારે તેમણે કર્નલને તે સૈનિકોની ફરિયાદ કરી અને કહ્યું કે જો તે ઈંડાંવાળાને તેમની રકમ તરત જ ચૂકવવામાં નહિ આવે તો હું બધા જ દુકાનદારોને પાછા મોકલી દઈશ. કર્નલ સાહેબે તેમના લશ્કરી મિજાજ સાથે કહ્યું, "એવું કરશો તો નુકસાન ભોગવવું પડશે." આ તો નિર્ભય સ્વભાવના હતા જ, એટલે તરત જ ઉત્તર આપ્યો, "જે કંઈ કરવું હોય તે કરી લેજો." લશ્કરી કર્નલ પોતાની આદત પ્રમાણે તેમની સામે ધસી આવ્યો. આમનામાં પણ જવાનીનો જોશ હતો, તેથી ચાબુક લઈને તૈયાર થઈ ગયા. આ જોઈને કર્નલ આગળ વધતાં અટકી ગયો. મુન્શીરામજી તેમના ઘોડા પર બેસીને સડસડાટ જતા રહ્યા. પોતાની કચેરીમાં જઈને તેમણે સરકારી નોકરીમાંથી રાજીનામું ધરી દીધું. કમિશનર સાહેબે ખૂબ સમજાવ્યા અને તાત્કાલિક અસરથી કાયમી મામલતદાર બનાવવાનું વચન પણ આપ્યું, પરંતુ તેમને એવી અપમાનજનક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્થિતિમાં રહેવાનું આત્મગૌરવ માટે પ્રતિકૂળ જણાયું અને તેમણે પોતાનું રાજીનામું પરત ન જ લીધું.

**ઘરમાં જ સુધારણા -**

અનેકવાર જોવામાં આવ્યું છે કે લોકો પોતે તો સત્યના માર્ગે ચાલતા હોય છે, પરોપકારી જીવન પણ જીવે છે, પરંતુ તેમના પરિવારજનોમાં કોઈ સુધાર થતો નથી. જો કોઈ આ બાબતે કંઈક કહે તો સંબંધીઓના દુરાગ્રહનું વર્ણન કરીને ચૂપ થઈ જાય છે, પરંતુ શ્રદ્ધાનંદજીએ આવો માર્ગ ક્યારેય અપનાવ્યો નહિ. તેમણે હંમેશાં પોતાના વિશ્વાસ પ્રમાણે જ કામ કર્યું અને જ્યારે જરૂર જણાઈ ત્યારે ઘરના લોકોના વિરોધનો સામનો પણ કર્યો.

જ્યારે તેમના પિતાને ખબર પડી કે મુન્શીરામજી આર્યસમાજી બની ગયા છે ત્યારે તેમને ખૂબ જ દુઃખ થયું. તેઓ કટ્ટર સનાતનધર્મી હતા. તેમણે એવું વિચાર્યું કે તે સમજાવવાથી સાચા રસ્તે પાછો વળી જશે. કાયદાના અભ્યાસ દરમ્યાન રજાઓ મળતાં જ્યારે તેઓ પોતાના વતન તલવન આવ્યા અને ત્યાં નિર્જળા એકાદશી પર દાનનો સંકલ્પ લેવાની ના પાડી દીધી ત્યારે તેમના પિતાજી ઘણા નારાજ થયા. પછી જ્યારે રજાઓ પૂરી થતાં લાહોર પરત જવા નીકળ્યા ત્યારે પિતાજીએ આજ્ઞા કરી કે ઠાકોરજીને પગે લાગીને જા. તેમણે વિનયપૂર્વક કહ્યું કે "મને મૂર્તિઓમાં વિશ્વાસ રહ્યો નથી. જો તમે માત્ર દેખાવ ખાતર ખોટીખોટી પૂજા કરાવવા માગતા હો તો જુદી વાત છે." હવે પિતા પાસે કોઈ જવાબ નહોતો. નિરાશ થઈને કહ્યું, "તને અમારી મૂર્તિઓ પથ્થરની લાગે છે ? હાય! મારા મર્યા પછી કોઈ પાણી પાનાર પણ રહેશે કે નહિ!"

મુન્શીરામને પિતાજી સાથે વિવાદ કરવાનું નિરર્થક લાગ્યું. તેઓ ઘેરથી ચાલી નીકળ્યા. પિતાએ જે પૈસા અભ્યાસના ખર્ચ માટે આપ્યા હતા તે પણ તેમણે કોઈ મિત્રને આપતાં કહ્યું, "આ પૈસા લાલાજીને આપી દેજે. હવે હું તેમની માન્યતા પ્રમાણે ચાલીને તેમને પ્રસન્ન રાખી શકું તેમ નથી, તેથી હું તેમની આર્થિક મદદનો હકદાર પણ નથી." જ્યારે પિતાજીને આ વાતની ખબર પડી તો તેમણે તે મિત્રને એ જ વખતે મુન્શીરામ પાસે જઈને આગ્રહપૂર્વક પૈસા પાછા આપી આવવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જણાવ્યું. ધાર્મિક મતભેદ થવા છતાં પણ તેમના પુત્રપ્રેમમાં કોઈ ફરક પડ્યો નહોતો.

પછી જ્યારે લાલા નાનકચંદજીને લકવો થઈ ગયો ત્યારે મુન્શીરામજી તરત જ તેમની સેવા કરવા વતનમાં આવી ગયા અને તેમની દેખભાળમાં એટલો બધો પરિશ્રમ કર્યો કે તેઓ પ્રસન્ન થઈ ગયા. ત્યાર પછી તેઓ તેમની પાસેથી આર્યસમાજના સિદ્ધાંતો પણ સમજવા લાગ્યા અને આર્યસમાજના ઉદ્દેશ્યો પ્રત્યે સહાનુભૂતિ પણ પેદા થઈ.

જ્યારે પિતાજીનું મૃત્યુ થઈ ગયું ત્યારે તેમના ભાઈઓ તથા વડીલોએ તેમના અંતિમ સંસ્કાર જૂના રીતરિવાજ પ્રમાણે કરવા માટે કહ્યું, પરંતુ મુન્શીરામજીએ તેનો વિરોધ કરીને તમામ સંસ્કાર 'વૈદિક પદ્ધતિ'થી કરવાનો નિશ્ચય કર્યો. તે વખતે તેમણે કોઈનાય વિરોધની પરવા ન કરી અને અંત સુધી પોતાના નિર્ણયને વળગી રહીને વૈદિક વિધિથી જ બધું કાર્ય સંપન્ન કરાવ્યું.

**મહાનતાના ઉચ્ચ શિખર પર -**

આ જ સત્યનિષ્ઠા અને પ્રતિજ્ઞાપાલનના ગુણોએ જ એક નાયબ મામલતદાર મુન્શીરામને ભારતના એક માનનીય મહાપુરુષ સ્વામી શ્રદ્ધાનંદના રૂપમાં બદલી નાખ્યા. સને ૧૯૧૭માં કોઈ પણ ગુરુ કે આચાર્યનું વરણ કર્યા વગર જ્યારે તેમણે સંન્યાસ ધારણ કર્યો ત્યારે 'શ્રદ્ધા' નામની માસિક પત્રિકાના પ્રથમ અંકમાં જ પોતાના ઉદશ્યો આવી રીતે જાહેર કર્યા–

"બ્રહ્મચર્યાશ્રમનું રક્ષણ અને ઉદ્દેશ્યોનો સારી રીતે પ્રચાર થાય એ મારો મુખ્ય ઉદ્દેશ્ય છે. હું દેવનાગરી લિપિને દુનિયાની તમામ લિપિઓનો સ્રોત અને મનુષ્ય માટે સ્વાભાવિક માનું છું. આથી મારા સિદ્ધાંતો અને વિચારોનો પ્રચાર તેના દ્વારા જ કરું છું. આ ભૂલોકની બધી જ માટીનું ઉત્તમ ફળ ભારતભૂમિ જ હતી અને આજે પણ છે. માત્ર ભારત-પુત્રોએ ધર્મના આદર્શોથી વિમુખ થઈને માતૃભૂમિના ગૌરવને ઘટાડ્યું છે. સંસારમાંથી જો ભોગ અને રાજના દોષોને નાબૂદ કરવા હોય તો પહેલાં ભારતભૂમિના તેજને પુનર્જાગૃત કરવું પડશે. આ આત્મિક તેજ જ સમગ્ર સંસારમાં પુનઃ શાંતિનું રાજ્ય સ્થાપિત કરી શકે એમ છે."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કહેવાની જરૂર નથી કે સ્વામીજી જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી તેમણે આ આદર્શોને અત્યંત નિષ્ઠાથી નિભાવ્યા અને તેના માટે જ ૨૩મી ડિસેમ્બર, ૧૯૨૬ના રોજ આતંકવાદી અબ્દુલ રસીદની ગોળીથી પોતાના પ્રાણોની આહુતિ આપી દીધી. ખરેખર સંસારમાં આવા પ્રકારની કથની અને કરણી એક કરીને જીવનાર મહાપુરુષો ઘણા ઓછા હોય છે. તેમના નિધનના સમાચાર જાણીને વિશ્વમાનવ રવીન્દ્રનાથ ટાગોરે તેમને આ શબ્દોથી શ્રદ્ધાંજલિ આપી -

"શ્રદ્ધાનંદનું નામ જ સત્યમાં તેમની અગાધ શ્રદ્ધાનું સૂચક હતું. તેઓ શ્રદ્ધાવાન રહ્યા અને શ્રદ્ધામાં જ આનંદપૂર્ણ રહ્યા. તેમના માટે સત્ય અને જીવન એક જ બની ગયાં હતાં. તેમનું મૃત્યુ પણ તેમનાં અથાક કાર્યોનાં અમર ચિત્રોને આલોકિત કરતા એક પ્રકાશકિરણની જેમ જ આપણી સમક્ષ છે."

આ થોડીક પંક્તિઓમાં સ્વામીજીના જીવનની સમગ્ર ઝાંખી થાય છે. જે લોકો પોતાની સામાન્ય સ્થિતિ કે ઘરબાર સંબંધી મુશ્કેલીઓને આગળ ધરીને સાર્વજનિક ક્ષેત્રમાં કોઈ સેવાકાર્ય ન કરી શકવાની દલીલો કર્યા કરે છે તેમના માટે સ્વામી શ્રદ્ધાનંદનું જીવન એક જ્વલંત પ્રકાશ સમાન છે.

## મહાપુરુષોના જીવન વિશેની ભ્રાન્તિ -

મહાપુરુષોની બાબતમાં એક અદ્‌ભુત વાત એ જોવા મળે છે કે લોકો મોટેભાગે તેમના વાસ્તવિક સ્વરૂપને સમજી જ શકતા નથી અને તેમના વિશે કાલ્પનિક ધારણા બનાવી લે છે. સ્વામી શ્રદ્ધાનંદજી જેવા આત્મજ્ઞાની અને ત્યાગી પુરુષ કોઈની સાથે રાગદ્વેષ રાખી શકે એ અશક્ય વાત છે, પરંતુ તેમનાં શુદ્ધિ અને સંગઠનનાં કાર્યોના પરિણામે અનેક લોકો તેમને મુસલમાનોના વિરોધી સમજવા લાગ્યા હતા અને આ ભ્રાન્તિ એટલે સુધી વધી ગઈ કે અંતમાં એક કટ્ટર મુસલમાને તેમની હત્યા જ કરી નાખી. જનતાની આ ભ્રાન્તિની ચર્ચા કરતાં શેઠ ગોવિંદદાસજીએ તેમનાં સંસ્મરણોમાં યોગ્ય રીતે જ લખ્યું છે-

"જે લોકો એવું માને છે કે સ્વામી શ્રદ્ધાનંદજી મુસલમાનોને ઘૃણા કરતા હતા તેઓ મોટી ભૂલ કરી રહ્યા છે. આવી ભૂલોથી તો ઈતિહાસમાં જાણે કેટલા મોટામોટા અનર્થ થયા છે. ગાંધીજીને કેટલાક લોકો મુસલમાન-



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરસ્ત માનતા હતા, એનાથી વધુ ખોટી વાત બીજી કઈ હોઈ શકે ? મુસલમાનો પ્રત્યે સમભાવ રાખવા છતાં પણ ગાંધીજીથી મોટો અને સાચો હિન્દુ આ યુગમાં કદાચ કોઈ બીજો થયો નથી અને મુસલમાનો પ્રત્યે સમભાવ રાખવાનું પરિણામ એ આવ્યું કે એક ધર્માંધ હિન્દુએ જ બાપુની હત્યા કરી નાખી. સ્વામી શ્રદ્ધાનંદજીની બાબતમાં પણ આવું જ બન્યું. કેટલાક મુસલમાનો તેમને મુસ્લિમદ્રોહી માનતા હતા અને તેમનામાંના એકે જ તેમની હત્યા કરી નાખી. આવા ધર્માંધ લોકો વિશે તો શું કહેવું ? એક જમાનો હતો કે જ્યારે મુસલમાનો પણ સ્વામીજીના મોટા અનુયાયીઓ હતા અને એ કદાચ એટલા માટે કે સ્વામીજીએ મુસલમાન શહીદો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ દર્શાવીને તેમના પરિવારોને મદદ પણ કરી હતી. તેના પરિણામે સ્વામીજીનું દિલ્હીની જુમ્મા મસ્જિદમાં ભાષણ પણ થયું હતું. હા, મુસલમાનોની કેટલીક માન્યતાઓ સાથે તેઓ સંમત નહોતા. તેમણે અનેક મતોનું ખંડન પણ કર્યું અને જે મુસલમાનો ઈસ્લામ છોડીને હિન્દુ ધર્મમાં આવવા માગતા હોય તેમને સ્વામીજીએ હિન્દુ પણ બનાવ્યા. તેનાથી જ નારાજ થઈને એક મુસ્લિમે ઉપરોક્ત ધર્માંધતાનું ઘૃણાસ્પદ કાર્ય કરી નાખ્યું. મહાત્મા ગાંધી જેવા હિન્દુની એક હિન્દુ જ હત્યા કરે અને સ્વામી શ્રદ્ધાનંદ જેવી વ્યક્તિ કે જેને ભારતની સૌથી મોટી મસ્જિદમાં ભાષણ આપવાનું ગૌરવ પ્રાપ્ત થયું તેમની એક મુસ્લિમ હત્યા કરે એ આ જગતની સૌથી મોટામાં મોટી વિટંબણાઓમાંની એક છે.''

વાસ્તવમાં મહાન પુરુષોનો દૃષ્ટિકોણ સમદર્શી હોય છે. તેઓ હૃદયથી કોઈના પ્રત્યે રાગદ્વેષ રાખતા નથી, પરંતુ કર્તવ્યપાલનના પ્રસંગે અન્યાયીનો વિરોધ કરવાનું પણ ચૂકતા નથી, પછી ભલે તે પોતાનો સંબંધી હોય કે પારકો હોય. આ જ કારણે અનેક કુવિચારીઓ તેમને પોતાના વિરોધી અથવા શત્રુ સમજવા લાગે છે અને ભ્રાન્તિવશ આવા પ્રકારનાં દુષ્કૃત્યો કરી બેસે છે.

**હિન્દુ સંગઠનો અને શ્રદ્ધાનંદજી -**

સને ૧૯૨૩ની આસપાસ જે હિન્દુ સંગઠનનું આંદોલન ચલાવવામાં આવ્યું હતું, તે મુસલમાનોના 'તબલીગ' આંદોલનનો સામનો કરવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે જ હતું તેમાં કોઈ શંકા નથી. તે અગાઉ હિન્દુઓના જુદાજુદા સંપ્રદાયો પોતપોતાનાં જુદાંજુદાં સભા-સમાજ સ્થાપિત કરીને કંઈક સુધારાત્મક પ્રયત્નો કરી રહ્યા હતા, પરંતુ સમસ્ત દેશના હિન્દુઓમાં જાગૃતિ લાવીને તેમને એક વિશેષ ધ્યેય તરફ આકર્ષિત કરવાનો પ્રયત્ન કોઈએ કર્યો નહોતો. જ્યારે મુસલમાનોએ હિન્દુઓને તેમના ધર્મમાં ઘુસાડવા માટે ખાસ પ્રયાસો શરૂ કર્યા અને એ અંગે હસન નિઝામીની એક ગુપ્ત પુસ્તિકાનું રહસ્ય બહાર આવ્યું, ત્યારે સૌથી પહેલાં સ્વામી શ્રદ્ધાનંદજી અને તેમના કેટલાક સહયોગીઓએ પણ 'સંગઠન'નો મુદ્દો ઉઠાવ્યો અને ખૂબ જોરશોરથી જનતા સમક્ષ મૂક્યો.

આ પહેલાં પણ કેટલાક લોકો આ બાબતનો પ્રચાર કરતા હતા, પરંતુ તેનો કોઈ ખાસ પ્રભાવ જોવા મળ્યો નહોતો. પરંતુ સ્વામી શ્રદ્ધાનંદજી જે કાર્ય ઉપાડતા તેના માટે તેઓ પરિશ્રમ અને જરૂરી વ્યવસ્થામાં કોઈ ખામી રહેવા દેતા નહોતા. આથી એકાદ-બે વર્ષમાં તેમનું આંદોલન દેશવ્યાપી બની ગયું અને માત્ર આર્યસમાજીઓ જ નહિ, મોટેભાગે દરેક મતના સુયોગ્ય કાર્યકર્તાઓ તેમાં પૂર્ણરૂપે સહયોગ આપવા લાગ્યા. ઉદાહરણ તરીકે પ્રસિદ્ધ દેશભક્ત અને જેમના ત્યાગ અને બલિદાનના કારણે ભારતીય યુવાનોના એક વર્ગ પર જેમનો ખૂબ જ પ્રભાવ પણ હતો તેવા શ્રી સાવરકરે 'હિન્દુત્વ'ની વ્યાખ્યા કરતાં લખ્યું હતું -

"હિન્દુ સ્વયમેવ એક રાષ્ટ્ર છે. એક ભૌગોલિક નિવાસસ્થાન, એક ભાષા, એક ઈતિહાસ, સાહિત્યની એકસરખી શોધ અને એકતા- આ પાંચે કસોટીઓની એરણે કસવામાં આવે તો 'હિન્દુ' પોતે જ એક રાષ્ટ્ર છે, એવી ધારણા તરત જ બની જશે. જેની પાસે એક નિશ્ચિત ભૌગોલિક સ્થાન નહોતું તેવી યહુદી જાતિ પણ આજે એક રાષ્ટ્રના રૂપમાં સંસારની સામે ઉપસ્થિત છે, તો પછી હિન્દુ રાષ્ટ્રની કલ્પના અસંગત કેવી રીતે હોઈ શકે? હિન્દુઓ માટે નિશ્ચિત રીતે એક ભૌગોલિક સ્થાન છે અને તે છે ભારતવર્ષ. ઈતિહાસ દર્શાવે છે કે જ્યારે જ્યારે કોઈ હિન્દુ પર આફત આવે છે ત્યારે તે આ જ ભૂમિ તરફ આશાભરી દૃષ્ટિએ જોતો રહ્યો છે."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ્યારે અન્ય વિચારધારા ધરાવતા લોકોએ હિન્દુ સંગઠન પર આક્ષેપ કર્યો ત્યારે પ્રસિદ્ધ દેશભક્ત ભાઈ પરમાનંદજીએ તેમનું સમર્થન કરતાં લખ્યું, "આ દેશમાં હિન્દુ જ એક પ્રાચીન જાતિ છે, તેમ છતાં તેઓ પોતાના માટે કોઈ વિશેષ સુવિધા ઈચ્છતા નથી. તેઓ આ દેશમાં રહેતા બધા લોકો માટે સમાન અધિકાર સ્થાપવા માટે પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ અહીંના મુસલમાન, ખ્રિસ્તી વગેરે શક્તિશાળી સંપ્રદાયો પોતાના વિશેષ સ્વત્વ માટે રાષ્ટ્રીય હિતોને પણ કચડી નાખવા માગે છે. તેમનાં આવાં રાષ્ટ્રવિરોધી કાર્યોને અટકાવવા માટે જ હિન્દુ-સંગઠન કરવામાં આવી રહ્યું છે."

તેમાં કોઈ શંકા નથી કે સ્વામી શ્રદ્ધાનંદજીએ પોતાના દૂરદર્શી વિચારો અને પ્રયત્નોથી થોડા જ સમયમાં હિન્દુ જાતિમાં એક એવી ચેતનતા પેદા કરી દીધી, જેથી તેની ઘણીબધી નબળાઈઓ દૂર થઈ ગઈ અને તે અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરીને સમગ્ર રાષ્ટ્રનું હિત સાધવામાં સમર્થ થઈ.

❋

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org